सत्यमेव जयते

દાખલ તારીખ : ૦૬/૦૯/૨૦૧૭
નોંધ્યા તારીખ : ૦૬/૦૯/૨૦૧૭
નિર્ણય તારીખ : ૧૬/૦૯/૨૦૧૯
સમય ગાળો : દિવસ, માસ, વર્ષ,
૧૦–૦૦–૦૨

**મહેરબાન ત્રીજા એડિશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ–ઉના**

**જીલ્લા– ગિરસોમનાથ.**

**સેશન્સ કેસ નંબર–૧૫/૨૦૧૭.**
**આંક :–**

**શ્રી સરકાર , ...... ફરિયાદી**

**–:: વિરુધ્ધ ::–**

**(૧) સવજીભાઈ આતુભાઈ ગુજરીયા પરમાર,**
**ઉ.વ.૨૮, ધંધો–મજુરી,**

**(૨) આતુભાઈ ગોવિંદભાઈ ગુજરીયા પરમાર,**
**ઉ.વ.૪૮, ધંધો–મજુરી,**

**(૩) કમુબેન વા./ઓ. આતુભાઈ ગુજરીયા પરમાર,**
**ઉ.વ. ૪૨, ધંધો–મજુરી,**

**રહે.જરગલી, તાલુકા– ગીરગઢડા, જીલ્લા–ગિરસોમનાથ ....... આરોપીઓ**

**ગુન્હો:–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬,૪૯૮(ક),૧૧૪ મુજબ.**

=========================================

ફરિયાદ પક્ષ તરફે :– વિધ્વાન એડી.પી.પી.શ્રી એમ. કે. ગોહેલ.
આરોપી પક્ષ તરફે :– વિધ્વાન એડવોકેટ શ્રી પી. કે. ભગદેવ

---

## –:: ચુ કા દો ::–

**(૦૧).** આ કેસના આરોપીઓ સામે ગીરગઢડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ–ગુન્હા રજીસ્ટર નંબર–૪૬/૨૦૧૭થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬,૪૯૮(ક),૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**(૦૨).** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી બાબુભાઈ વશરામભાઈ બાંભણીયા, રહે. નવાબંદર વાળાએ પોતાની ફરીયાદ હકીકત લખાવેલ છે કે, તેમને સંતાનમાં છ દિકરી અને એક દિકરો છે, જેમાં સૌથી મોટી દિકરી ઈલાબેનના લગ્ન સને–૨૦૧૩માં જરગલી ગામના સવજીભાઈ આતુભાઈ ગુજરીયા સાથે કરેલા અને જે સવજી હીરા ઘસવાની મજુરી કામ કરે છે.

**(૨.૧)** વધુમાં તેઓ ફરીયાદમાં જણાવે છે કે તેમની દિકરી ઈલાબેનને લગ્ન પછી આરોપીઓએ બે વર્ષ સારી રીતે સાચવેલ અને ત્યારપછી છેલ્લા અઢી વર્ષથી તેના સાસરીયામાં તેના પતિ સવજી, સાસુ કમુબેન, સસરા આતુભાઈ નાની–નાની વાતમાં અને ઘરના કામકાજમાં મેણાંટોણાં મારી શારીરિક માનસિક ત્રાસ આપતા. સવજીને દારુ પીવાની ટેવ હોય, જે તેના મા–બાપની ચઢામણીથી મારકુટ કરતો તેમ છતાં પોતાનો ઘર સંસાર સારી રીતે ચાલે તે કારણે મરણ જનાર દુઃખત્રાસ સહન કરતી અને જયારે તે પીયર આવતી ત્યારે આ અંગેની હકીકત ફરીયાદી અને તેમના પરિવારજનોને જણાવતી  તેમજ કાજરડી મુકામે તેણીના માસી સમજુબેનના ઘરે જતી ત્યારે તેમને પણ પોતાના દુઃખ ત્રાસની હકીકત જણાવતી.

**(૨.૨)** વધુમાં તેઓ જણાવે છે કે, ફરીયાદ નોંધાવી તેના સાતેક મહિના પહેલા તેમની દિકરી ઈલાબેનને તેના સાસરીયામાં તેના પતિ અને સાસુ સસરા મેણાં–ટોણાં મારી દુઃખ ત્રાસ આપતા અને મારકુટ કરતા જેથી તેમની દિકરી તેના બંને સંતાન સાથે ફરીયાદીના ઘેર આવતી રહેલ અને બે મહિના જેટલો સમય પીયરમાં રોકાયેલી, ત્યારબાદ તા.૦૯ / ૧૨/ ૨૦૧૬ના રોજ તેના પતિ સવજી સમાધાન કરી તે અંગેનું લખાણ કરી આપી મરણ જનારને તેડી ગયેલ અને હવેપછી કોઈ મારકુટ નહીં કરે, તેમજ કોઈ દુઃખત્રાસ નહીં આપે તેમ કહી જવાબદારી લઈ તેડી ગયેલ, ત્યારથી તે મરણ જનાર આરોપી સવજી સાથે તેમના ઘરે હતી. વધુમાં તેઓ જણાવે છે કે, અઠવાડીયા પહેલા પણ તેમની દિકરી ઈલાને તેના પતિ અને સાસુ–સસરા મારકુટ કરતા હોય અને હેરાન કરતા હોય તેનો ફોન આવેલો. જેથી ફરીયાદીએ તેમના સાળી સમજુબેનને જરગલી ગામે મોકલેલ

અને ફરીયાદીના કહેવાથી સમજુબેન અને તેણીનો ભત્રીજો મોહનભાઈ  પાંચાભાઈ અને જગદીશભાઈ  પાંચાભાઈ અને યોગેશભાઈ મનુભાઈ એ રીતના ચારેય વ્યકિતઓ જરગલી મુકામે ફરીયાદીની દિકરી ઈલાને તેડવા ગયેલ. આ વખતે તેના કુટુંબના અને તેના દિયર બાબુ આતુ અને અરવિંદ આતુએ જવાબદારી લીધેલ કે, હવે કોઈ નહીં મારે, તમે તેડી જશો નહીં. જેથી ફરીયાદીના સાળી સમમજુબેન તે ફરીયાદીની દિકરી ઈલાને તેડી લાવેલા ન હતા. વધુમાં ફરીયાદી જણાવે છે કે, બનાવના  બે વર્ષ પહેલા ફરીયાદીએ  તેમના જમાઈ સવજીને તેમના માતા–પિતાથી અલગ રહેવા જવાનું  કહેતા અને સવજી પાસે પૈસાની સગવડતા ન હોય, ફરીયાદીએ તે માટે પૈસા આપેલ અને મકાન બનાવવા મદદ કરેલ. તેમ છતાં  આરોપી તે ફરીયાદી પાસે વારંવાર વધુ પૈસા માંગતો, વધુમા ફરીયાદી જણાવે છે કે, તેઓ તેમને દર મહિને ખાવા–પીવા અને અનાજ પુરુ પાડતા તેમ છતાં, તેમની દિકરી જે બાજુમા રહેતી ત્યાં જઈ તેના સાસુ સસરા ખોટી રીતે હેરાન કરતા અને દુઃખત્રાસ આપતા અને તેમજ તેની ચડામણીથી તેમનો જમાઈ સવજી મરણ જનાર ઈલાબેનને મારકુટ કરતો હતો.

**(૨.૩)** વધુમાં ફરીયાદી જણાવે છે કે, તા.૦૪/૦૬/૨૦૧૭ના રોજ રાત્રીના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં તેમના જમાઈ સવજીએ ફરીયાદીના પત્ની કમુબેનને  ફોન કરેલ અને કહેલ કે, ઈલાએ દવા પીધી છે, અને તેઓ ડો.વઘાસીયા સાહેબના દવાખાને  છે, આમ, બનાવની જાણ થતાં તે જ દિવસે ફરીયાદી અને તેમના પત્ની સાથે સવારના આઠ–સાડા આઠ વાગ્યે ઉનાના ડોકટર વઘાસીયાના દવાખાને ગયેલ ત્યારે તેમની દિકરી ઈલા મરણ ગયેલ હતી. જેણે આગલી રાત્રીના આઠેક વાગ્યે ઝેરી દવા પીધેલાનું જાણવા મળેલ. આમ, આ અંગે ફરીયાદીએ ગીર ગઢડા પોલીસ સ્ટેશન સમક્ષ તા.૦૪/૦૬/૨૦૧૭ના રોજ પોતાની ફરીયાદ નોંધાવેલી છે. જે અંગે ગીરગઢડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ–ગુન્હા રજી.નંબર–૪૬/૨૦૧૭થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક),૧૧૪ મુજબનો ગુનો નોંધી તે અનુસંધાને તપાસની કાર્યવાહી હાથ ધરેલ અને તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો જણાતા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬,૪૯૮ (ક) ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ  દાખલ કરેલ છે.

**(૦૩).** પ્રસ્તૃત ગુન્હાનું ચાર્જશીટ વિધ્વાન જયુડીશયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) ગીરગઢ ડાની કોર્ટમાં દાખલ થતાં ફોજદારી કેસ નંબર ૧૭૯૦/૨૦૧૭થી સદર ચાર્જશીટ કેસ રજીસ્ટરે નોંધેલ. આરોપીઓ સામેનો ગુન્હો સેશન્સ કોર્ટની હકુમતનો હોય, જેથી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે સદર કેસ વિધ્વાન જયુડીશયલ મેજીસ્ટ્રેટ

ફર્સ્ટ કલાસ, ગીરગઢડાની અદાલતમાંથી કમીટ કરવામાં આવતા, સેસન્સ કેસ નંબર – ૧૫/ ૨૦૧૭થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**(૦૪).** પ્રસ્તૃત કેસ કમીટ થઈ આવતા આરોપીઓ સામે ધોરણસર સમન્સ ઈસ્યુ કરવામાં આવતા તેઓ પોતાના વિધ્વાન વકીલ શ્રી મારફતે હાજર થતા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો મળેલ છે તેની ખરાઈ કરવામાં આવેલી છે, અને મારા પૂરોગામી વિધ્વાન ન્યાયાધિશ સાહેબ ધ્વારા તા.૨૫/૦૧/૨૦૧૮ના રોજ આંક–૦૬થી આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક) , ૧૧ ૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક–૦૭થી આંક–૦૯ સદર તહોમતનામાં અનુસંધાને તેઓની પ્લી રેકર્ડ કરતા, આરોપીઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૦૫).** ફરીયાદપક્ષ પોતાનો કેસને સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચસાહેદ રમેશભાઈ હાદુભાઈ પરમાર | ૧૨ |
| ૨. | પંચસાહેદ રેખાબેન ભીમાભાઈ પુનાભાઈ પરમાર | ૧૪ |
| ૩. | પંચસાહેદ પ્રકાશભાઈ તેજાભાઈ જાદવ | ૧૫ |
| ૪. | પંચસાહેદ બાબુભાઈ મેઘાભાઈ ભાલીયા | ૧૬ |
| ૫. | પંચસાહેદ રસિકભાઈ મનુભાઈ બાંભણીયા | ૨૨ |
| ૬. | પંચસાહેદ દિનેશભાઈ ધીરુભાઈ બાંભણીયા | ૨૪ |
| ૭. | પંચસાહેદ કિશોરભાઈ ડાયાભાઈ સોંડાગર | ૨૫ |
| ૮. | પંચસાહેદ મનુભાઈ માંડણભાઈ વાઘેલા | ૨૭ |
| ૯. | પંચસાહેદ ભાવેશભાઈ જોધાભાઈ પરમાર | ૨૯ |
| ૧૦ | ફરીયાદી બાબુભાઈ વશરામભાઈ બાંભણીયા | ૩૨ |
| ૧૧ | સાહેદ કમુબેન બાબુભાઈ વશરામભાઈ બાંભણીયા | ૩૬ |
| ૧૨ | સાહેદ સમજુબેન લખમણભાઈ બાબુભાઈ મકવાણા | ૩૭ |
| ૧૩ | સાહેદ જગદીશભાઈ પાંચાભાઈ શીયાળ | ૩૯ |
| ૧૪ | સાહેદ મોહનભાઈ પાંચાભાઈ શીયાળ | ૪૦ |
| ૧૫ | સાહેદ ડો. તારીક યાસીન બ્લોચ,મેડીકલ ઓફિસર | ૪૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | સાહેદ | મનુભાઈ કરશનભાઈ વાજા,પોલીસ હેડ કોંસ્ટેબલ | ૫૨ |
| ૧૭ | ત.ક.અ. | મધુભાઈ અમરાભાઈ વાળા, પી.આઈ. | ૫૮ |
| ૧૮ | સાહેદ | કનુભાઈ મંગળાજી નીનામા | ૬૦ |
| ૧૯ | સાહેદ | ભીખુભાઈ મંગભાઈ બાડરશાહી, એફ.એસ.એલ.ઓફિસર | ૬૧ |
| ૨૦ | સાહેદ | યોગેશભાઈ મંગળભાઈ વાજા,પોલીસ કોંસ્ટેબલ | ૬૩ |
| ૨૧ | સાહેદ | ડો. રસિકભાઈ મગનભાઈ વઘાસિયા,પ્રાઈવેટ ડોકટર | ૬૪ |
| ૨૨ | સાહેદ | મનસુખભાઈ મેઘાભાઈ ચૌહાણ | ૬૮ |
| ૨૩ | ત.ક.અ. | અરવિંદભાઈ બાવભાઈ દોમડીયા | ૭૦ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ઈન્કવેસ્ટ પંચનામું | ૧૩ |
| ૨. | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૧૬ |
| ૩. | મુદામાલ આર્ટીકલનં.–૧ની પંચસ્લીપ | ૧૭ |
| ૪. | મુદામાલ આર્ટીકલનં.–૨ની પંચસ્લીપ | ૧૮ |
| ૫. | મુદામાલ આર્ટીકલનં.–૩ની પંચસ્લીપ | ૧૯ |
| ૬. | મુદામાલ આર્ટીકલનં.–૩ની પંચસ્લીપ | ૨૦ |
| ૭. | આરોપીનું અટક પચનામું | ૨૩ |
| ૮. | મેડીકલ નમુના મુદામાલ કબજે લીધાનું પંચનામું | ૨૬ |
| ૯. | આરોપી કમુબેનનું અટક પચનામું | ૨૮ |
| ૧૦ | અસલ ફરીયાદ | ૩૩ |
| ૧૧ | ફરીયાદીની બીજી ફરીયાદ | ૩૪ |
| ૧૨ | લાશ સંભાળ્યાની પહોંચ | ૩૫ |
| ૧૩ | આરોપીએ લખી આપેલ બાંહેધરી લખાણ | ૩૮ |
| ૧૪ | મરણ જનારની લાશની પી.એમ.નોટ | ૪૩ |
| ૧૫ | અસલ કેસ પેપર | ૪૪ |
| ૧૬ | પી.એમ. કરવા માટેની યાદી | ૪૫ |
| ૧૭ | મરણોતર ફોર્મ | ૪૬ |
| ૧૮ | શીલના નમુના અંગેનો ફોરવડીંગ લેટર | ૪૭ |
| ૧૯ | ડો. વઘાસીયાએ સી.એચ.સી ઉનાને લખેલ પત્ર | ૪૮ |
| ૨૦ | પી.એમ. અંગેનો શોર્ટ રીપોર્ટ | ૪૯ |

| | | |
|---|---|---|
| ૨૧ | તપાસ ડેપ્યુટ કર્યાનો પત્ર | ૫૩ |
| ૨૨ | ફરીયાદ દાખલ થવા મળેલ પત્ર | ૫૪ |
| ૨૩ | એફ. આઈ. આર. | ૫૫ |
| ૨૪ | સ્ટેશન ડાયરીની એન્ટ્રી નં.૧૦ | ૫૬ |
| ૨૫ | માર્ક–૧૧/૮ નુ અસલ સર્ટીફિકેટ | ૬૫ |
| ૨૭ | એફ.એસ.એલ.નો મુદામાલ પૃથ્થકરણ સાથેનો પત્ર | ૭૩ |
| ૨૮ | ઝેર શાસ્ત્ર વિભાગનો પૃથ્થકરણ અહેવાલ | ૭૪ |
| ૨૯ | એફ.એસ.એલ.ને લખેલ મુદામાલ  પૃથ્થકરણ કરવા માટેનો પત્ર | ૭૫ |

**(૦૬)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને જેમાં મુખ્યત્વે આરોપીઓએ તેમની સામેના આક્ષેપો મુજબનો ગુનો કર્યો હોવાનો ઈન્કાર કરેલ છે. આરોપીઓએ પોતાના બચાવમાં કોઈ સાક્ષી તપાસેલ નથી કે, અન્ય કોઈ પુરાવો આપેલ નથી અને જાતે જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે તેઓને હેરાન કરવા ખોટી ફરીયાદ કરેલ હોય તેઓ નિર્દોષ હોય, નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૦૭).** પ્રસ્તુત કેસમાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નંબર–૧ :–** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીઓએ મરણ જનાર ઈલાબેનના પાંચેક વર્ષના લગ્નજીવન દરમ્યાન ઘરકામ બાબતે મેણા–ટોણા મારી તથા અન્ય કારણસર દુઃખ–ત્રાસ આપી તેણીનું જીવન દુષ્કર બનાવી મરણ જવા મજબુર કરતા, મરણ જનાર ઈલાબેને તા.૩/૦૬/૨૦૧૭ ના કલાક–૨૦–૦૦ વાગ્યા ના અરસામાં ઝેરી દવા ખાઈ આત્મહત્યા કરી મરણ ગયેલ હોય, આમ આરોપીઓએ એક સંપ થઈ મરણ જનારને આત્મહત્યા કરવા દુષ્પ્રેરીત કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬,૪૯૮(ક) , ૧૧૪ મુજબનો ગુનો આચરેલ છે ?

**મુદ્દા નંબર–૨ :–** શું હુકમ ?

**(૦૮).** ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નંબર ૦૧ :– ન કા ર માં,

મુદા નંબર ૦૨ :– આખરી હુકમ મુજબ.

**–// કા ર ણો //–**

ઉપરોકત તારણો પરત્વેના કારણો નીચે મુજબ છે. સદર કામે ઉપરોકત મુદા નંબર–૦૧ અને ૦૨ એક બીજા સાથે સંકળાયેલા હોય સરળતા ખાતર અને ચર્ચાનું પુનરાવર્તન અટકાવવાના આશયથી બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**ફરીયાદ પક્ષની દલીલ**

**(૦૯)** ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.કે.ગોહેલ તરફે મુખ્યત્વે અવી રજુઆત છે કે, આરોપી નં. ૦૧, ગુજરનાર ઈલાબેનના પતિ છે, આરોપી નંબર ૦૨ આતુભાઈતે ગુજરનાર ઈલાબેનના સસરા છે અને આરોપી નંબર–૦૩ કમુબેન તે ગુજરનાર ઈલાબેનના સાસુ છે. આ ત્રણેય જણા સંયુકત કુટુંબમાં રહેતા હતા. મરણ જનારના લગ્ન સને–૨૦૧૩ની સાલમાં થયેલા હોય, સાત વર્ષ કરતા ઓછો સમયગાળાનુ લગ્ન જીવન હતું. વધુમાં તેઓની રજુઆત છે કે, અત્રેની કોર્ટે એ આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬,૪૯૮(ક),૧૧૪ મુજબનો ચાર્જ કરેલ છે. ફરીયાદ પક્ષે તપાસેલા મોટા ભાગના પંચ સાહેદ ફરી ગયેલા સાક્ષી જાહેર થયેલા છે. તેમણે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી, પરંતુ પંચસાહેદો ફરી જવાથી ફરીયાદપક્ષ નબળો પડતો નથી.

**(૯.૧)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક–૩૨થી બાબુભાઈ વશરામભાઈ કે જેઓ મરણ જનાર ઈલાબેનના પિતાશ્રી છે, તેમને તપાસેલા છે, તેમની જુબાનીમાં મરણ જનારને આરોપીઓ ધ્વારા આપવામાં આવતા અત્યાચારનું વર્ણન કરવામાં આવેલ છે અને તેઓએ સમગ્ર બનાવને વિગતવાર વર્ણવીને ફરીયાદપક્ષને પૂરતું સમર્થન આપેલ છે. ફરીયાદપક્ષે મરણ જનાર ઈલાબેનની માતા કમુબેનને તેમજ માસી સમજુબેનને તથા મામાના દિકરા જગદીશભાઈ પાંચાભાઈને તપાસેલા છે. આ ત્રણેય સાક્ષીઓની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય છે અને આરોપીઓ ધ્વારા મરણ જનારને શારીરિક–માનસિક ત્રાસ આપવામાં આવતો હતો તે હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. આરોપીઓ બનાવ અગાઉ જે લેખિત સમાધાન

કરી મરણ જનારને તેડી ગયેલા છે, જે સમાધાનનું લખાણ રેકર્ડ ઉપર આવેલ છે. તે જોતાં આરોપીઓ અને મરણ જનાર વચ્ચે મનદુઃખ તકરાર ચાલતી હતી તે હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. આ સમાધાન કરવામાં સહી કરનાર સાક્ષીઓને ફરીયાદપક્ષે તપાસીને તે કરારને યોગ્ય રીતે પુરવાર કરેલ છે. વધુમાં વિધ્વાન એ.પી.પી.શ્રી ની રજુઆત છે કે, આંક–૪૨થી ડો. તારીક બ્લોચને તપાસવામાં આવેલા છે, જેમણે મરણ જનાર ઈલાબેનની લાશનું પી.એમ. કરેલ છે, અને એફ.એસ.એલ.તપાસ અર્થે વિશેરા લીધેલા છે. એફ. એસ.એલ.રીપોર્ટ માં મરણ જનારનું મૃત્યુ ઝીંક ફોસ્ફેટ નામના અકાર્બનિક પ્રકારના ઝેરી દવા પીવાથી થયેલાનુ રેકર્ડ ઉપર આવેલ છે. જે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે છે. વધુમાં ફરીયાદપક્ષે પી.એસ.ઓ. મનુભાઈ કરશનભાઈ વાજાને તથા ફરીયાદ નોંધનાર સાહેદ મધુભાઈ અમરાભાઈ વાળાને તથા ઈન્કવેસ્ટ પંચનામું ભરનાર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કનુભાઈ મંગળાજી નીનામાને તપાસેલા છે. તેમજ આંક–૬૧થી એફ. એસ.એલ અધિકારી શ્રી બાદરશાહીને તપાસવામાં આવેલા છે. આ તમામ સાહેદોની જુબાનીમાં મરણ જનારનું મૃત્યુ અકુદરતી હોવાનું અને તેણીએ ઝેરી દવા પી ને આત્મહત્યા કરેલ હોવાનુ ખૂલેલ છે. મરણ જનારને નાના બે બાળકો છે, આરોપી નંબર–૧ સવજી તે મરણ જનારને દારુ પીઈને શારીરિક–માનસિક ત્રાસ આપતો હતો, અને બાકીના બંને આરોપીઓ મરણ જનારને દુઃખત્રાસ આપવામાં આરોપી નંબર–૦૧ ને ચડામણી કરતા હતા, તેવું સાક્ષીઓની જુબાનીમાંથી સાબિત થયેલ હોય, ફરીયાદપક્ષ પોતાનો કેસ વાજબી શંકા રહિત સાબિત કરી શકેલા હોય,આરોપીઓને આ ગુન્હામાં દોષિત ઠરાવી સખ્ત નસ્યત કરવા રજુઆત કરેલી છે.

## બચાવપક્ષની દલીલ

**(૧૦)** બચાવ પક્ષે વિ.વ.શ્રી પી.કે.ભગદેવએ મૌખિક દલીલો કરેલી છે તથા લેખિત દલીલ પણ આંક–૭૭ થી રજુ કરેલી છે. જેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે,–

(એ) " આ કામના મુળ ફરીયાદી બાબુભાઈ વશરામભાઈ બાંભણીયા તે આરોપી નં.૧ ના સસરા થાય છે તેમણે ઉનાના સરકારી દવાખાને પોલીસ ઈન્ચાર્જ એ.એસ.આઈ. પરમાર સાહેબને ફરીયાદ આપેલ છે જે ફરીયાદ પોલીસવાળાએ લખેલી છે. આ ફરીયાદની હકીકત જોતા તેમા એક પણ નિષ્પક્ષ સાહેદનુ નામ ફરીયાદી આપતા નથી. તથા શરુઆતના ૨ વર્ષ આરોપીઓ ગુજરનાર ઈલાબેન ને સારી રીતે રાખતા હતા તે એડમીશન છે અને ત્યારબાદ નાની નાની બાબતમાં તથા ઘરકામ માં મેણા–ટોણા મારતા

તે એફ.આઈ.આર.માં નથી તેમજ શારીરિકે, માનસિક દુઃખ ત્રાસ આપતા તેનો એક પણ પુરાવો નથી. આમ ફરીયાદના હેતુસર કાયદાની વ્યાખ્યામાં ફરીયાદ થાય તેવું લખાણ તે અભણ ફરીયાદી આપે તે શંકસ્પદ છે.

(બ) એફ.આઈ.આર.માં આક્ષેપ છે તેવો એક પણ નજરે જોનાર સ્વતંત્ર સાહેદ કે પાડોશી કે જરગલી ગામનો એક પણ સાહેદ આ કામના પ્રોસીકયુશન રજુ કરવા માટે સમર્થ થયા નથી. તથા આ આખી જ થીયરી અને હીયરીંગ એવીડન્સના આધારે ઉભી કરવામાં આવી છે. આરોપી નં.૧ સવજીભાઈ આતુભાઈ તે દારુ પીવાની ટેવ વાળો છે એ બાબતનો એક પણ પુરાવો આ કામના પ્રોસીકયુશન ના એ લેખિત કે મૌખિક રજુ કરેલ નથી. આ કામના પ્રોસીકયુશને માત્ર આક્ષેપ કરેલ છે, પરંતુ તે સાબિત કરેલ નથી. આ કામે આરોપી નંબર– ૨ ના તે આરોપી નંબર–૦૧નાઆને ચડામણી કરતા તેવો આક્ષે એફ.આઈ.આર.માં કરેલ છે, પરંતુ તે બાબતનો એક પણ નજરે જોનાર કે સાંભળનાર આ કામે પ્રોસીકયુશનનાએ રજુ કરેલ નથી. એફ.આઈ.આર.માં છે કે, ઈલાબેન ફરીયાદીને વાતો કરતી, પરંતુ તે વાતો કયારે કરતી અને કોને કરતી તે બાબતનો કોઈ પણ ખુલાસો કે પુરાવો નથી. ફરીયાદી કહે છે કે, ઈલાબેન આવી વાતો સમજુબેનને કરતી હતી, પરંતુ સમજુબેન કયારેય પણ જરગલી મુકામે ગયા નથી કે કાજરડી ગામ જઈને ઈલાબેન ને આ વાત કરી હોય તેની તારીખ, માસ, સન વિગેરેની કોઈ માહિતી નથી, અને ઈલાબેન કયારે કાજરડી ગયા તે બાબત પણ સ્પષ્ટ નથી. આમ માત્ર ફરીયાદને ગંભીર બનાવવા માટે ના આક્ષેપોને ગોઠવી કાઢેલા છે.

(ક) એફ.આઈ.આર.માં કહે છે કે, સાતેક માસ પહેલા ઈલાબેનને પીયર ગયા ત્યારે પણ મેણા ટોણા તથા દુઃખત્રાસ અને મારકુટની વાત કરી છે, પરંતુ આ આક્ષેપ બાબતમાં જો કોઈ શારીરિક ઈજા હોય તો ઈલાબેનના ડોકટરી સર્ટીફિકેટથી સાબિત કરી શકાઈ હોત. ઈલાબેન ૨ મહિના જેટલો સમય રોકાયેલ છે તેમ કહે છેકે તો બે બાળકો સાથે પીયરમાં રોકાવા ગયેલા હોઈ તેમ માનવાને કારણ મળે છે. આમ આ વાત વિકૃત રીતે રજુ થયેલ હોય તેવું લાગે છે.

(ખ) તારીખ : ૦૯/૧૨/૨૦૧૬ ના રોજ સમાધાન કરી અને આરોપી નં.૧ ના તેડીસ ગયાનો આક્ષેપ છે, પરંતુ આરોપી નં.૧ તે ઈલાબેનના કહેવાથી અલગ રહેતો હોય અને રસોઈ કરવા માટે તથા ઘરને સાચવવા માટે ઈલાબેનની જરૂર પડે, કારણ કે, આરોપી નં.૧ તે હીરા ઘસવાનો કારીગર છે આથી આવું તા.૯/૧૨ /૨૦૧૬ નારોજ સમાધાન મજબુરીથી કરેલ હોય તેવું લાગે છે.

(ગ) અઠવાડીયા પહેલા ઈલાબેનને આરોપીઓ મારકુટ કરતા હતા તેવો ફોન સમજુબેનને આવેલો તો ફરીયાદીના સાળી સમજુબેન શા માટે જરગલી ગામે જતા નથી તથા આ બાબતમાં બાબુભાઈ આતુભાઈ તથા અરવિંદભાઈ આતુભાઈ એ આ બાબતની જવાબદારી લીધી તો પોલીસ સ્ટેટમેન્ટમાં શા માટે આ લોકોના નામ પ્રોસીકયુશન લેતું નથી, એ બાબત શંકા ઉપજાવે તેવી છે.

(ઘ) મકાન બનાવવામાં મદદ કરી અને પૈસાની પણ મદદ કરી આ બાબત તે સારા સબંધ હોવાનો પુરાવો છે, પરંતુ વધુ રકમની માંગણી કરી એ બાબતો કોઈ પણ પુરાવો રજુ કરેલ નથી. આરોપી નંબર–૦૧ સવજી આતુભાઈ તે હીરાનો સારો કારીગર છે અને સારી એવી કમાણી કરે છે તે તેમને પૈસા લેવાની કોઈ પણ જરૂરીયાત રહે નહીં. તથા જમાઈને કહેવાતી મારકુટ અંગેનો એક પણ સ્વતંત્ર સાહેદ નથી કે કોઈ પણ સારવારનું સર્ટીફિકેટ નથી, આથી આ બાબતને માનવાનું કોઈ કારણ મળતું નથી. આરોપી નંબર–૦૨ તથા આરોપી નંબર–૦૩ ના અલગ રહે છે, તે વાસ્તવિકતા ફરીયાદપક્ષ કબુલ પણ કરે છે તો તેઓ શા માટે પુત્ર વધુને ત્યાં મારકુટ કરવા જાય તથા શા માટે હેરાન કરે કે શા માટે દુઃખત્રાસ આપે, આ બાબતમાં ફરીયાદને ગંભીર કરવા માટે ના આક્ષેપ થયા હોય તેવું માનવા માટે વિનંતી છે.

(ચ) ખરેખર જો ઈલાબેન માનસિક રીતે સ્વસ્થ હોય તો નાના ફુલ જેવા બે બાકોને ભારતીય કોઈ પણ નારી રઝળતા ના મુકે, એ પણ શંકા ઉપજાવે તેમ છે. કોઈ માણસ અસ્થિર મગજના હોય તો જ નાના બાળકોની દયા ન ખાય અને ઝેરી દવા પી લે, તે પણ માનવાને કારણ રહે છે, આમ છતાં પણ આ કામના આરોપી નં.૧ આ દવા પીવાના બનાવની જાણ ફોન ઉપર ફરીયાદપક્ષને રાત્રે જ કરે છે, કારણ કે, નવાબંદર અને જરગલી વચ્ચેનું અંતર માત્ર ૩૫ કી.મી.નું જ છે, અને આ બાબતમાં ગીલ્ટી કોન્સીઅસ હોય તો આરોપી નંબર ૧ આ બાબતનો ફોન જ ન કરે, અને ડો.વઘાસિયા સાહેબના દવાખાને પણ આરોપી ન લઈ જાય. આ બાબતમાં ડો.વઘાસિયા સાહેબ પણ મેડીકો લીગલ કેસ હોવા છતાં, પણ પોલીસને જાણ કરતા નથી. આમ ઈલાબેનને સારું થઈ જશે તેવી વર્તણુંક લાગે છે.

(છ) ફરીયાદી જયારે મરણ ગયાના બીજા દિવસે દવાખાને જાય છે અને ઈલાબેન અવસાન પામેલા છે તે દુઃખદ ઘટના છે, પરંતુ જે રીતે વેર ભાવનાથી

જયારે ફરીયાદ લખાઈ છે અને એ પણ ત્રણ આરોપીઓની વિરુઘ્ઘની તથા આ આરોપીઓને સંડોવી દેવા એ પણ એક દુ:ખદ ઘટના છે.

(જ) આ ફરીયાદ લખાઈ કઈ જગ્યાએ તે પણ શંકા છે, કારણ કે, ફરીયાદી જાતે પોલીસ સ્ટેશને ગયાનુ કહે છે,પણ જગદીશભાઈ પાંચાભાઈ એ અંગુઠો ઓળખાવેલ છે અને ફરીયાદી જાતે પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે, કે સદર ફરીયાદ પણ જગદીશભાઈ પાંચાભાઈના લખાવ્યા મુજબની છે, અને ફરીયાદીનો અંગુઠો પણ જગદીશભાઈ પાંચાભાઈએ બાંધેલો છે.

(ઝ) આ બાદ વકીલ મારફતનું ઉના મુકામે સમાધાનનું લખાણ થયાને કહે છે, આ સમયે તમામ પક્ષકારો હાજર હતા અને ઉનાથી ઈલાબેન તે તેડી ગયાનું કહે છે. પરંતું બાદમાં આરોપીને દારુ પી અને ઝેરી દવા પીવડાવી દીધી તેમ કોઈ પણ આક્ષેપ નથી. પરંતુ ફરીયાદી પહેલીવાર તેમની સરતપાસમાં વેર લેવાની–ભાવના હોઈ તેમ આક્ષેપ કરે છે. ખરેખર ઈલાબેન ડો.વઘાસીયા સાહેબના દવાખાને અવસાન પામેલ છે, પરંતું આ સાહેદ જરગલી અવસાન પામેલ છે તેમ કહે છે. જે ફરીયાદની વિગતોથી વિરુઘ્ઘ છે. ફરીયાદનો કેસ છે કે, ઈલાબેન ઝેરી દવા પી ગઈ પરંતુ આ સાહેદ એમ કહે છે કે ઈલાબેનને ઝેરી દવા પીવડાવી દીધી છે, આમ આ વિગતો આરોપીને વેરભાવનાથી સંડોવવા માટે વેરભાવનાથી કહે છે.

(ટ) ફરીયાદની તારીખ યાદ નથી અને બનાવ બન્યાના બીજા દિવસે ફરીયાદ આપેલ છે. તથા ફરીયાદ ૨૪ કલાક મોડી આપેલ છે તથા આ બાબતમાં ફરીયાદ મોડી થયાનું કોઈ કારણ જાણતા નથી. ફરીયાદી વર્ષમાં સાતથી આઠ માસ બોટમા રહે છે. ફરીયાદી કહે છે કે તે વાત સાચી છે કે, મારી દિકરીને ત્રાસ આપતા મે નજરે નજર જોયેલ નથી. સાહેદનું આ એડમીશન નીગાહે લેવા વિનંતી છે.આમ આ કેસ અને ફરીયાદને માત્ર હીઅરીંગને એવીડન્સ બનાવ અને ડેવલોપ કરેલ છે. આમ આ રીતે એક પણ નજરે જોનાર સાહેદ નથી કે આ કામે સાંભળનાર પણ સાહેદ નથી માત્ર અને માત્ર અનુમાનના આધારે આ કેસ ને રજુ કરવામાં આવેલ છે.

(ઠ) આરોપી સવજીભાઈ આતુભાઈ પરમારને દારુ પીવાને ટેવ હોવાનું કહે છે, પરંતુ આના સમર્થનમાં એક પણ ફરીયાદ કર્યાનું કહેતા નથી, જો આ બાબતમાં પ્રોસીકયુશન ધારે તો પોલીસ ના રેકર્ડમાંથી પણ આ વિગતો રજુ કરી શકે, પરંતુ માત્ર અને માત્ર કેશ ને ગંભીર બનાવવા માટે થઈ ને ઉપજાવેલી બાબતો કહે છે. ફરીયાદમાં બે વર્ષ સારી રીતે રાખ્યાનું કહે છે અને બે વર્ષ બાદ

મારકુટ તથા દુઃખત્રાસ ઉભા થાઈ તે કુદરતી ક્રમમાં નથી.કારણ કે, કુદરતે એક પુત્ર અને એકપુત્રી આપેલા છે અને તેઓ સંયુકત પરિવારમાં રહેતા હતા, આમ આરોપી નં.૨ અને ૩ સાથેનો સંસાર સુખરુપ હતો, પરંતુ માત્ર અને માત્ર વેરભાવનાથી તેમને સદર કેસમાં સંડોવી દીધા છે. આરોપી નં.૨ અને ૩ નાઓ તેમને દુઃખત્રાસ આપતા હોઈ તે બાબત નો પણ નજરે જોનાર એક પણ પુરાવો નથી કે સાંભળનાર પણ એક પણ પુરાવો નથી. તે નિગાહે લેવા માટે અમારી વિનંતી છે. આ કહેવાતાં કરુણ બનાવ પહેલા કયારેય પણ ફરીયાદ મે કરી નથી તેમ ફરીયાદી કહે છે અને એમ પણ કહે છે કે, મેં બનાવ નજરે જોયેલ નથી.

(ડ) આ સાહેદ ૦૯/૧૨/૨૦૧૬ ના લખાણમાં પોતાની સહી કે અંગુંઠો હોવાનુસ્પષ્ટ નકારે છે તો આ સમાધાન પત્ર કેવી રીતે ઉભુ થયું તે બાબત પણ શંકા ઉપજાવે છે. સાહેદ કહે છે કે, કહેવાતા સમાધાનના સમયે પોતે હાજર હતા નહીં તથા તારીખઃ ૦૪/૦૬/૨૦૧૭ નારોજ અરજી આપ્યાનું કહે છે તથા અસલ અરજીના સ્વરુપે ફરીયાદ આપ્યાનું કહે છે. પરંતુ અસલ અરજી કયાં લખાવી તે અંગે કોઈ પ્રકાશ પાડતા નથી.

(ઢ) ફરીયાદી એમ પણ કહે છે કે, મારી દિકરી જયાં રહેતી હતી તેમના આડોશ પાડોશનાને પણ હું ઓળખું છું તો આવા આડોશી–પાડોશી ને શા માટે એક પણ સાહેદ તરીકે જોડેલા નથી, આવા આડોશી–પાડોશીઓ કુદરતી સાક્ષી ગણાય, આથી આ બાબત લેકયુના પણ નિગાહે લેવા વિનંતી છે.

(ણ) પ્રોસીકયુશન તરફે સાહેદ કમુબેન બાબુભાઈ બાંભણીયાએ આંક–૩૬ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ....આ સાહેદ અભણ છે તેમ કહે છે તથા ડો.સાહેબને મરણ નું કારણ પુછવાનું તેમને સુજયુ નહીં તથા તેઓ ઉલટ તપાસમાં કહે છે કે, " બનાવ અગાઉ અમોએ ઈલાએ આ કામના આરોપીઓ વિરુધ્ધ કોઈ પણ પ્રકારની કયારેય પણ ફરીયાદ કરી નથી." એ વાત ખરી છે કે, આરોપીઓ એ ઈલાને મારી હોઈ તથા અમોએ તેમની સારવાર કરાવી હોઈ તે બાબતનો કોઈ પણ પુરાવો અમોએ પોલીસમાં રજુ કરેલ નથી."

(ત) પ્રોસીકયુશન તરફે સાહેદ સમજુબેન લખમણભાઈએ આંક–૩૭ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, .... આ સાહેદ મરણ જનાર ઈલાબેનના સગા માસી થાઈ છે, આ સાહેદ તેમના પતિથી છુટાછેડા લઈ અને કાજરડી ગામે છેલ્લા ૨૦ વર્ષથી રહે છે, આ સાહેદ કહે છે કે,ઈલાના લગ્નની તારીખ,તીથી,માસ યાદ નથી તથા ઈલાબેનને બે સંતાનો છે આરોપી નં.૧ ના

પાસે છે. આ સાહેદ સાંભળેલી વાતો પરથી જુબાની આપે છે, સવજી દારુ પીવે છે, મારકુટ કરે છે, મેણાટોણા મારે છે, આ તમામ આક્ષેપો ટયુટેડ છે કારણ કે, પ્રોસીકયુશનનો એક પણ સાહેદ નજરે જોનાર નથી કે કાનો કાન સાંભળનાર નથી.

(થ) પ્રોસીકયુશન તરફે સાહેદ મોહનભાઈ પાંચાભાઈ શીયાળ એ આંક–૪૦ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, .... એ વાત ખરી છે કે, સવજીભાઈ હીરા ઘસે છે અને સારી કમાણી પણ કરે છે. જો આ સાહેદને નજીક ના સગા કહેતા હોઈ કે સારી કમાણી કરે છે તો આ કામે આરોપી નં.૧ સવજી તેના સાસુ–સસરા પાસ ે પૈસા માગતા હોય તે આક્ષેપ પાયાવિહીન છે. બચાવપક્ષનો આક્ષેપ છે કે, બનાવ સમયે ઈલાબેન અલગ રહેતી હતી તેમના બાળકો પણ સાથે હતા અને આરોપી સવજી હીરા ઘસવા બહાર ગયેલ હોઈ અને તેમની ગેરહાજરીમાં આ કામે ઈલાબેન ઉંદર મારવાની દવા પી જાય છે તો પરીસ્થિતિને તેમની માનસિક અસ્થિરતા હોઈ, અથવા તો ભુલથી પી ગઈ હોય, પણ આ બાબતમાં મરવા માટેની પ્રેરણા આપ્યાનું કયા શબ્દમાં કહી શકાય.''

આમ, વિધ્વાન વકીલશ્રી ભગદેવે ફરીયાદપક્ષ તે આરોપીઓ સામેના ઈ.પી.કોડ કલમ–૩૦૬,૪૯૮(ક),૧૧૪ મુજબના આક્ષેપો ને વ્યાજબી શંકારહિત સાબિત કરી શકેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલી છે.

## કાનૂની પરિસ્થિતિ

**(૧૧)** બંને તરફેની દલીલો રજુ થયેલા ચુકાદાઓ અને રીફર કરેલા ચુકાદાઓને ધ્યાનમાં રાખી, રજુ થયેલા પુરાવાઓનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરીએ તે પહેલા કાનુની પરિસ્થિતિ તપાસીએ તો ફરીયાદપક્ષે આરોપીઓ સામે પ્રકારના ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૩૦૬,૪૯૮(ક),૧૧૪ મુજબના આરોપ મુકેલ છે. આમ સૌ પ્રથમ એ ચર્ચા ઉપયોગી ગણાશે કે આ આરોપ કયારે સાબીત માની શકાય. તો સૌ પ્રથમ એ જોઈએ કે તે કાયદો શું કહે છે.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક) :</u>–**

**સ્ત્રીનો પતિ અથવા પતિના સગા તેણીને કૄરતાનો ભોગ બનાવે. :–**

કોઈ પણ સ્ત્રીનો પતિ અથવા પતિના સગા હોય તે કોઈ પણ તેવી સ્ત્રીને કૃરતાનો ભોગ બનાવે તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**(ક)** એવા પ્રકારનું ઈરાદાપૂર્વકનું વર્તન કે જે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાને જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી, શરીરના કોઈ અવયવ કે(માનસિક કે શારીરિક) આરોગ્યને ભયમાં મૂકવા પ્રેરે. અથવા....

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ :– આત્મહત્યામાં મદદગારી :–**

કોઈ પણ વ્યકિત, આત્મહત્યા કરે તો તેને તેમ કરવામાં કોઈ વ્યકિતએ મદદગારી કરી હોય તેને દશ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪.**

**<u>ગુન્હો આચરવામાં આવે ત્યારે મદદગારની હાજરી</u> :–**

"પોતે હાજર ન હોય અને પોતે કરેલી મદદગારીના પરીણામે થયેલાં જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુન્હો કર્યો છે તેમ ગણાશે."

**<u>ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨</u> <u>કલમ–૧૧૩(એ)</u>**

**પરીણિત સ્ત્રી ઘ્વારા આત્મહત્યામાં મદદગારી અંગે અનુમાન :–**

"જયારે એક સ્ત્રીએ કરેલ આત્મહત્યામાં તેના પતિ અથવા તેના પતિના સગાઓએ મદદગારી કરી છે, કે નહીં, તેવો પ્રશ્ન હોય તથા તેના લગ્નની તારીખથી સાત વર્ષની અંદરના સમયમાં તેણે આત્મહત્યા કરી છે તેવું દર્શાવવામાં આવે તથા તેના પતિ અથવા તેના પતિના આવા સગાઓએ તેની પ્રત્યે કૃરતા આચરી હતી, ત્યારે કિસ્સાના અન્ય તમામ સંજોગો લક્ષ પર લઈને, અદાલત અનુમાન કરી શકશે કે, આવી આત્મહત્યામાં તેણીના પતિ અથવા તેણીના પતિના આવા સગાઓએ મદદગારી કરી હતી.

**(૧૧.૧)** આમ, આ મુજબના આરોપ પુરવાર કરવા માટે અને ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ની કલમ–૧૧૩(એ) મુજબનું અનુમાન દોરવા માટે ફરીયાદ પક્ષે સૌ પ્રથમ એ ત્રણ તત્વોને સાબિત કરવાના રહે છે. જેમાં એક એ કે મરણજનાર મહિલાનું

લગ્ન જીવન સાતવર્ષથી અંદરનું હતું, બીજુ કે, મરણ જનાર મહિલાએ આત્મહત્યા કરેલ છે, અને ત્રીજુ અને સૌથી મહત્વનુ તત્વ એ કે, મરણજનાર મહિલાની સાથે તેના પતિ અથવા પતિના સગા–સબંધીઓ ધ્વારા ક્રુરતા આચરવામા આવતી હતી. જો આ ત્રણેય તત્વો સાબિત થાય તો અન્ય તમામ સંજોગોને લક્ષમાં લઈ અદાલત અનુમાન કરી શકે છે કે સદર મહિલાને આત્મહત્યા કરવા માટે તેણીના પતિ અથવા તેણીના પતિના સગા સબંધીઓએ મદદગારી કરી હતી. વધુમાં અત્રે એ નોંધવું પણ જરુરી છે કે, ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૧૧૩(એ)થી જે અનુમાન ઉત્પન્ન થાય છે તે સદર કાયદાની કલમ–૪ માં જણાવ્યા મુજબનું "may presume" છે, એટલે કે, આ અનુમાન આદેશાત્મક નથી કે નિર્ણાયક સાબિતી સ્વરુપનું પણ નથી અને માત્ર ખંડનાત્મક પ્રકારનું અનુમાન ઉત્પન્ન થાય છે. બચાવપક્ષ આ પ્રકારના અનુમાનનું ખંડન pre- pronderence of probability ના ધોરણે કરી શકે છે, અને તે માટે બચાવપક્ષે વ્યાજબી શંકારહિત પુરાવો રજુ કરવાની જરૂરિયાત રહેતી નથી. વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબના ગુનાના આરોપ પુરવાર થાય છે કે કેમ તે તેવો સવાલ ઉપસ્થિત થાય ત્યારે સાથે–સાથે ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૦૭ને પણ ધ્યાનમાં લેવી જરૂરી બને છે. જે આ મુજબ છે.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭</u> :– કૃત્યનું દુષ્પ્રેરણ.**

જે વ્યકિત ;

પહેલું:– કોઈ કૃત્ય કરવા માટે કોઈ બીજી વ્યકિતને ઉશ્કેરે, અથવા

બીજુ :– કોઈ કૃત્ય કરવા માટે બીજી એક કે વધુ વ્યકિતઓ સાથે કોઈ કાવતરામાં સામેલ થાય, અને તે કાવતરાને અનુસરીને અને તે કરવા માટે કોઈ કૃત્ય કરવામાં આવે કે કરવાનું ગેરકાયદેસર રીતે ટાળવામાં આવે, અથવા,

ત્રીજુ :– કોઈ કૃત્ય કરીને કે કરવાનું ગેરકાયદેસર રીતે ટાળીને કોઈ કૃત્ય કરવામાં ઈરાદાપૂર્વક મદદ કરે, તે વ્યકિત તે કૃત્યનું દુષ્પ્રેરણ કરે છે.

**સ્પષ્ટીકરણ–૧ :–**

જેને જાહેર કરવા પોતે બંધાયેલી હોય, તેવી મુદાની હકીકતની જાણીબુઝીને ખોટી રજુઆત કરીને અથવછા તેને જાણીબુઝીને છુપાવીને કોઈ વ્યકિત કોઈ કૃત્ય કરે કે કરાવે અથવા કે કરાવવાની કોશિષ કરે તે વ્યકિત તે કૃત્ય કરવા માટે ખોટી રીતે પ્રેરે છે એમ કહેવાય.

**(૧૧.૨)** વધુમાં આ અંગે અગાઉ ચર્ચા કરી તે મુજબ જયારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૩(એ) મુજબનું અનુમાન દોરવા લાયક કેસ છે કે કેમ? તે સવાલ ઉપસ્થિત થાય, ત્યારે અદાલતે એ પણ જોવાનું રહે છે કે, શું ભારતીય દંડ સંહિતાની કલમ –૪૯૮(ક) માં જણાવ્યા મુજબની 'ક્રુરતા' સાબિત થાય છે કે કેમ? આમ ફરીયાદપક્ષે સૌ પ્રથમ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક)નો આરોપ અગર તો તેના આવશ્યક તત્વો નિઃશંકપણે સાબિત કરવાના રહે, તો અને તો જ આરોપી સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબના આરોપી સાબિત થઈ શકે.

## પુરાવાનુ પૃથ્થકરણ તથા મુલ્યાંકન

**(૧૨)** ઉપરોકત કાનૂની પરીસ્થિતિને નજરમાં રાખીને તેમજ બંને તરફેની દલીલોને ધ્યાનમાં રાખી રજુ થયેલા પુરાવાઓનું પૃથ્થકરણ તથા મૂલ્યાંકન કરીએ તો ફરીયાદપક્ષ પોતાના કેસ સાબિત કરવા માટે કુલ–૨૩ સાક્ષીઓને તપાસવામા આવેલા છે. તે સાક્ષીઓ પૈકી સૌથી મહત્વના સાક્ષી મરણ જનારના પીયર પક્ષના માણસોને સાક્ષી તરીકે તપાસેલા છે. આમ ઉપરોકત ચર્ચા અને સંજોગોને ધ્યાનમાં રાખી સૌ પ્રથમ એ પુરાવાને ચર્ચા કરીએ કે, જે સાહેદો એ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

## પંચ સાહેદો ત્થા ફરી ગયેલા સાહેદોનો પુરાવો

**(૧૩)** ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૧૨થી સાહેદ નંબર.૧, રમેશભાઈ હાદુભાઈ પરમારને તપાસેલા છે તથા આંક–૧૪થી બીજા પંચસાહેદ રેખાબેન ભીમાભાઈ પુનાભાઈ પરમારને તપાસેલા છે. આ બંને પંચ સાહેદોની જુબાનીથી આંક–૧૩ વાળું સ્થાનિક જગ્યાનું પંચનામું સાબિત કરવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ બંને પંચ સાહેદોએ પોતાના રૂબરૂ આ ઈન્કવેસ્ટ પંચનામું થયાની હકીકતનો ઈન્કાર કરેલ છે. આમ આ પંચોની જુબાનીથી આંક–૧૩ વાળા પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૩.૧)** વધુમાં ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૧૫થી પંચ સાહેદ પ્રકાશ તેજાભાઈ જાદવને તપાસેલ છે. તથા આંક–૨૧થી બીજા પંચસાહેદ બાબુભાઈ મેઘાભાઈ ભાલીયાને તપાસેલ છે. આ બંને પંચ સાહેદોની જુબાનીથી બનાવવાળી જગ્યા કે, જે જરગલીગામે ધોળીવાવ જતા રસ્તે સરકારી ખરાબામાં આવેલ છે

તે ઓરડી ઉપર પંચો રુબરુ કરવામાં આવેલું બનાવવાળી જગ્યાનું પંચનામુ સાબિત કરવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ આ બંને પંચ સાહેદોએ પણ માત્ર પંચનામામાં પોતાની સહીઓ કરવામાં આવેલી તે સિવાયની હકીકતોને સમર્થન કરેલ નથી. આમ બંને પંચ સાહેદોની જુબાનીથી તેઓની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલું અને સ્થળ ઉપરથી જરૂરી સેમ્પલો કબજે લેવામાં આવેલા તે હકીકતોને સમર્થન કરેલ નથી.

**(૧૩.૨)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૨થી પંચસાહેદ રસિકભાઈ મનુભાઈ બાંભણીયાને તપાસેલા છે. તથા આંક–૨૪થી પંચસાહેદ દિનેશ ધીરુભાઈ બાંભણીયાને તપાસેલા છે, આ બંને પંચ સાહેદોની જુબાનીથી આંક–૨૩થી રજુ કરેલ આરોપીના અટક કર્યાના પંચનામાને સાબિત કરવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ આ બંને પંચ સાહેદોએ પણ માત્ર પંચનામાની સહીઓ પોતાની હોવાનું ઓળખી બતાવી પોતાના રુબરુ આરોપીની ધરપકડ થયાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ પંચ સાહેદોએ આરોપીઓને અટક કર્યા અંગેના આંક–૨૩ વાળા પંચનામાને સમર્થન કરતા નથી.

**(૧૩.૩)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૫થી પંચસાહેદ કિશોરભાઈ ડાયાભાઈ સોંડાગરને તપાસેલા છે, તેમજ આંક–૬૮થી બીજા પંચસાહેદ મનસુખભાઈ મેઘાભાઈ ચૌહાણને તપાસેલા છે, આ બંને પંચોની જુબાનીમાં આંક–૨૬ વાળા મરણ જનારની લાશના પોસ્ટમોર્ટમ વખતે મેડીકલ ઓફિસરશ્રીએ લીધેલા વિસેરા તપાસના કામે કબજે લેવામાં આવેલા તે હકીકતને સાબિત કરતું પંચનામુ રજુ કરવામાં આવેલ છે તેને પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. જે બંને પંચસાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આમ આંક–૨૬ વાળા પંચનામામાં પંચોની સહી સિવાયની હકીકત સાબિત થતી નથી.

**(૧૩.૪)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૭થી પંચસાહેદ મનુભાઈ માંડણભાઈ વાઘેલાને તપાસેલ છે અને આંક–૨૯થી બીજા પંચસાહેદ ભાવેશભાઈ જોધાભાઈ પરમારને તપાસેલા છે, તેઓની હાજરીમાં આંક–૨૮થી આરોપી કમુબેન આતુભાઈ ગુજરીયાની ધરપકડ કરવામાં આવી તે અંગેનુ પંચનામુ સાબિત કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. પરંતુ, અન્ય પંચ સાહેદોની જેમ જ આ બંને પંચસાહેદોએ પણ ફરીયાદપક્ષને બિલકુલ સમર્થન કરેલ નથી કે તેમની રૂબરૂમાં આરોપી કમુબેનની ધરપકડ થયેલી હોય તે હકીકતોને અનુમોદન આપેલ નથી. આમ પંચ સાહેદોની જુબાનીથી આંક–૨૮ વાળુ પંચનામું સાબિત થયેલ નથી.

## મેડીકલ પુરાવાઓ

**(૧૪).** ફરીયાદપક્ષે પોતાનો કેસના સમર્થનમાં આંક–૪૨થી સાહેદ નં.૧૫, ડો.તારીક યાસીન બ્લોચને તપાસેલા છે કે, તેઓની જુબાની જોઈએ તો મરણ જનાર ઈલાબેન સવજીભાઈ ગુજરીયા,ઉ.વ.૨૮,રહે.જરગલીવાળાનું તેઓએ તા.૪/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૩–૦૦ કલાકે શબ પરીક્ષણ કરેલ છે. તેમણે શબ પરીક્ષણ દરમ્યાન મરણ જનારના શરીર ઉપર કોઈ પણ જાતના બાહય ઈજાના નિશાનો દેખાયેલા નહી. તેમજ મરણ જનારના શરીર ઉપર કયાંય કોઈ અસ્થિભંગ પણ જણાયેલ નહી. મરણજનારના શબની આંતરિત તપાસ કરતા માથાની નીચેના તથા ખોપરીમાં કોઈ પણ જાતની ઈજા જણાયેલી ન હતી. મગજ તથા તેના પડ કન્ઝસ્ટેડ હતા, પીટીકા નામનો રકતસ્ત્રાવની હાજરી જણાયેલી હતી. મરણ જનારના ગળામાં કોઈ વિશિષ્ટ બાબત જોવા મળેલ ન હતી. ડો.તારીક યાસીન બ્લોચ શબની આંતરિક તપાસ અંગે વધુમાં જણાવે છે કે "(૧૬) છાતીની આંતરીક તપાસ કરતા દિવાલ, પાંસળીઓ, મૃદુ હાડકાઓ સામાન્ય હતા. ફેફસાના પડદા કન્ઝસ્ટેડ હતા અને પીટીકી દેખાયા હતા. કંઠેન્દ્રીય, શ્વાસનળી અને કલોમ કન્ઝસ્ટેડ હતા. બંને ફેફસા કન્ઝસ્ટેડ અને ઈડીમેટસ હતા અને પીટીકી દેખાયા હતા. ફેફસાને કાપીને જોતા તેમાંથી ફીણવાળુ લોહી નીકળતુ હતુ. હદયના પેરીકાર્ડીયમમાં પીટીકી હતા અને તે કન્ઝસ્ટેડ હતુ. હદય પણ કન્ઝસ્ટેડ હતુ. મોટી રકતવાહીનીઓમાં ઘાટા રંગનું લોહી હતુ."

**(૧૪.૧)** વધુમાં ડો.શ્રી બ્લોચ જણાવે છે કે, મરણ જનારના શરીરની આંતરિક તપાસ દરમ્યાન હોઝરીમાં ૫૦ એમ.એલ.ની માત્રામાં ઘાટુ કાળા રંગનું પ્રવાહી જોવા મળેલું. તેઓએ આંતરડાનો કટકો સેમ્પલ તરીકે લઈ સીલબંધ કરી તપાસ અર્થે ફોરેન્સિક લેબ તરફ મોકલેલો અને તેમના અભિપ્રાય મુજબ મરણ જનારનુ મૃત્યું ઝીંક ફોસ્ફેટ નામની અકાર્બનિક નામની ઝેરી દવા પીવાથી થયેલ છે. આ પ્રકારની દવા કોઈ વ્યકિત આત્મહત્યા કરવાના હેતુથી પીવે તો તેનું મૃત્યુ થઈ શકે તે મતલબની જુબાની આપે છે. વધુમાં એફ.એસ.એલ. રીપોર્ટમાં પણ ઝીંક ફોસ્ફેટ નામની અકાર્બનિક કમ્પાઉન્ડની હાજરી વિશેરામાં માલુમ પડેલી છે. ઉલટ તપાસમાં વિધ્વાન વકીલશ્રી ભગદેવ મુખ્યત્વે એ હકીકત રેકર્ડ ઉપર લાવેલા છે કે, પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં મરણ જનારના મૃત્યુ અંગનું કોઈ ચોકકસ કારણ જણાવવામાં આવેલ નથી. આમ, સમગ્ર રીતે જોતા મરણજનારનું મૃત્યુ ઝીંક ફોસ્ફેટ નામની અકાર્બનિક ઝેરી દવા પીવાથી થયેલાનું રેકર્ડ ઉપર આવેલ છે અને તેનું કોઈ પણ રીતે બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી.

**(૧૪.૨)** વધુમાં ફરીયાદપક્ષ આ સાહેદની જુબાનીમાં આંક–૪૩થી પોસ્ટમોર્ટમ રીપોર્ટ રજુ કરેલ છે, આંક–૪૫થી તેમને પોસ્ટમોર્ટમ માટે લાશ સોંપવામાં આવી તે અંગેની પોલીસ યાદી રજુ કરેલ છે વિગેરે દસ્તાવેજો રજુ કરેલા છે.

**(૧૫)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૬૪થી સાહેદ નંબર–૨૧ ડૉ. રસિકભાઈ વઘાસીયાને તપાસેલા છે. તેઓની જુબાનીને ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે, તા.૦૩/૦૬/૨૦૧૭ના રોજ સાંજના ૮–૩૦ વાગ્યે ઈલાબેન સવજીભાઈ રહે. જરગલી વાળાને તેઓની માનવદિપ સર્જીકલ હોસ્પીટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવેલા છે. તેઓ ગંભીર સ્થિતિમાં હતા. તેણીની સાથે આવનાર સગા–સબંધીઓઓ હીસ્ટ્રી આપેલ છે કે, તેણીએ ઘંઉમાં નાખવાની ઝેરી દવાના ટીકડા પીધેલ છે. મેડીકલ હીસ્ટ્રી પ્રમાણે એલ્યુમીનીયમ ફોસ્ફેટના ટીકડા પીધેલા હતા. તેઓને ડો.શ્રી વઘાસીયાએ તપાસ કરેલી અને અંદરના દર્દી તરીકે સારવાર આપેલી. મરણ જનારને ડોકટર સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે અર્ધબેભાન અવસ્થામાં હતા. મરણ જનારે ડોકટર સમક્ષ કોઈ પણ જાતની હિસ્ટ્રી આપેલી નથી. બીજા દિવસે સવારે ૦૪–૦૬–૨૦૧૭ના રોજ કલાક–૯–૦૦ વાગ્યે તેણીનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે.

**(૧૫.૧)** જયારે ઉલટ તપાસમાં ડોકટરશ્રીએ સ્વીકારેલ છે કે, મરણ જનાર ઈલાબેનને તેના પતિ સવજીભાઈ આતુભાઈ તથા સસરાપક્ષના લોકો સારવાર માટે લાવેલા હતા, અને તેમની પાસે સારવારમાં લાવ્યા બાદ ૧૨ કલાક સુધી તેણી જીવિત અવસ્થામાં હતી, આ સારવાર દરમ્યાન તેઓએ પોલીસને કોઈ જાણ કરેલી નહીં, કે એકઝીકયુટી મેજીસ્ટ્રેટશ્રી મરણજનારનું ડાઈંગ ડેકલેરેશન નોંધવા માટે તેમની હોસ્પીટલમાં આવેલ નથી. વધુમા ડોકટરશ્રી જણાવે છે કે, મરણ જનારે કયા પ્રકારનું ઝેર પીધેલ હતું તે વિગતો તેમણે પોતાના સર્ટીફિકેટમાં જણાવેલી ન હતી. ફરીયાદ પક્ષે આંક–૬૫થી ડો.વઘાસિયાની જુબાનીમાં તેઓએ આપેલ સર્ટીફિકેટ રજુ કરેલ છે.

**(૧૬)** આમ, સમગ્ર રીતે જોતા મરણ જનાર ઈલાબેન સવજીભાઈનું મૃત્યું ઝેરી દવા પીવાથી થયેલાનું રેકર્ડ ઉપર આવેલ છે અને તે અંગે કોઈ પણ પ્રકારની શંકા ઉપસ્થિત થાય તેવું બચાવપક્ષની ઉલટ તપાસમાં રેકર્ડ ઉપર આવેલું નથી.

## ફરિયાદીનો પુરાવો

**(૧૭)** વધુમાં ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક–૩૨થી સાહેદ નંબર–૧૦થી ફરીયાદી બાબુભાઈ વશરામભાઈ બાંભણીયાને તપાસેલા છે કે જેઓ મરણ જનાર ઈલાબેનના પિતાશ્રી છે. તેમની જુબાની જોઈએ તો મરણ જનારનું લગ્ન જીવન પાંચ વર્ષનું હતું. મરણ જનાર ઈલાબેનને તેણીના પતિ– સાસુ–સસરા દુઃખ ત્રાસ આપતા હતા અને મારકુટ કરતા હતા તેમજ મરણ જનારના પિતા સવજીભાઈ દારુ પીઈને આવતા અને ઈલાબેનને મારકુટ કરતા હતા વગેરે હકીકત સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેમની દિકરી ઈલાબેનના લગ્નના દોઢેક વર્ષ બાદ રીસાઈને પીયરમાં આવેલા અને ૧૫ દિવસ જેટલો સમક્ષ તેમના ઘરે રોકાયેલી. ત્યારબાદ તેમના જમાઈ સવજીભાઈ આવીને તેડી ગયેલા, અને તે વખતે હવે પછી મારકુટ નહી કરે તેવું સવજીભાઈએ કહેલું. ત્યારબાદ દોઢેક મહિના બાદ ફરીથી આરોપી સવજીભાઈએ મરણ જનાર ઈલાબેનને માર મારતા, ઈલાબેન તે ફરીયાદીની સાળી સમજુબેનને ત્યાં કાજરડી મુકામે ગયેલા અને ત્યાં ૧૫ દિવસ રોકાયેલી અને ત્યારબાદ તેઓના પતિ તેણીને તેડી ગયેલો. વગેરે મલતબની હકીકત જણાવે છે. વધુમાં ફરીયાદીએ જણાવેલ છે કે,–

> "આ મારી દીકરી ઈલા મરણ ગયાના વીસ પચ્ચીસ દિવસ પહેલા અમારે ત્યાં આંટો મારવા માટે આવેલી અને બાદ તેનો પતિ તેને તેડવા માટે આવેલો. આ મારી દીકરી ઈલા છેલ્લી વખત અમારે ત્યાં આવેલી ત્યારે વાત કરેલ કે મને મારો પતિ, સાસુ, સસરા બહુ દુઃખ ત્રાસ આપે છે. છેલ્લે તેનો પતિ તેડવા આવેલો ત્યારે અમે ઉના મુકામે કોર્ટ પાસે આવેલ વકીલ સાહેબની ઓફીસે સમાધાનનું લખાણ કરાવેલુ. આ લખાણ તૈયાર કરાવવા હું, મારી પત્ની તથા મારી સાળી સમજુબેન તથા મારી દીકરી ઈલા પણ આવેલા. આ વખતે મારા વેવાઈ આતુભાઈ અને મારો જમાઈ સવજીભાઈ પણ આવેલા અને લખાણ તૈયાર કરી ત્યારબાદ મારી દીકરીને મારો જમાઈ અને વેવાઈ તેડી ગયેલા. આ સમાધાન કરી લખાણ કરી તેડી ગયા બાદ મારી દીકરી આઠ નવ દિવસ બાદ મરણ ગયેલી. આ મારી દીકરી ઈલાને મારા જમાઈ સવજી દારૂ પી આવી અને ઝેરી દવા પીવડાવી દીધેલી જેથી મારી દીકરી મરણ ગયેલી. આ મારી દીકરી રાતના સમયે મરી ગયેલી અને આ મારી દીકરીને રાતના સમયે દવા પીવડાવી દીધેલી પરંતુ અમોને અમારા જમાઈ સવજીએ વહેલી સવારના ત્રણ ચાર વાગ્યે ફોન કરીને કહેલ કે ઈલાએ ઝેરી દવા પી લીધેલ છે. મારુ કહેવાનું એવુ છે કે આ મારી દીકરીને મારા

જમાઈએ ઝેરી દવા પીવડાવી મારી નાખેલ છે. આ મારી દીકરીને સૌપ્રથમ તેના સાસરી પક્ષના ઉના મુકામે ડો.વઘાસીયા સાહેબને ત્યાં લાવેલ હતા. હું ત્યાં ગયેલ હતો. મારી દીકરી મૃત્યુ પામેલ હતી. ત્યારબાદ ત્યાંથી તેની લાશ ઉના સરકારી દવાખાને પોસ્ટ મોર્ટમ માટે લઈ ગયેલા. જયાં દવાખાને પોલીસ આવેલી અને પોલીસમાં મે આ બાબતે ફરીયાદ આપેલી. મને માર્ક ૧૧/૫ બતાવવામાં આવે છે, જે મે પોલીસમાં આપેલ ફરીયાદ છે, જેમાં મારા અંગુઠાનું નિશાન છે, જે ઓળખી બતાવુ છું, જે રજુ આંક–૩૩. ઉના સરકારી દવાખાને ગીરગઢડા પોલીસ સ્ટેશનની પોલીસ આવેલી અને મારી બીજી વખત ફરીયાદ લીધેલી. તે વખતે અમારો કુટુંબી સગો જગદીશ પાંચા પણ હાજર હતો. મને કોર્ટના રેકર્ડમાંથી ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારા અંગુઠાનું નિશાન છે, જે ઓળખી બતાવુ છું, જે રજુ આંક–૩૪. પોલીસે પોસ્ટ મોર્ટમ થયા બાદ મારી દીકરીની લાશ અંતિમ વીધી માટે અમોને સોપેલ હતી. મને પોલીસ પેપર્સમાંથી મારી દીકરીની લાશ મળ્યા અંગેની પહોચ બતાવવામાં આવે છે, જેમાં મારા અંગુઠાનું નિશાન છે, જે ઓળખી બતાવુ છું, જે રજુ આંક–૩૫. ત્યારબાદ રીવાજ મુજબ મારી દીકરીની અંતિમ વિધી માટે લાશ મારા વેવાઈ આતુભાઈને સોપી આપેલી અને તેની અંતિમ વીધી જરગલી ગામે કરેલી. આ મારી મરણ જનાર દીકરીને સંતાનમાં એક દીકરો ઉ.વ.–૦૫ અને એક દીકરી ઉ.વ.૦૪ની છે, જે બંને બાળકો આરોપીઓ પાસે છે. આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર છે, તેમને હું ઓળખુ છું. ''

**(૧૭.૧)** બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી પી.કે.ભગદેવએ ફરીયાદીની લંબાણપુર્વકની ઉલટ તપાસ હાથ ધરેલી છે, જેમા તે હકીકતો રેકર્ડ ઉપર આવેલી છે કે, બનાવ બન્યાના બીજા દિવસે તેઓએ આ ફરીયાદ નોંધાવેલી છે, પરંતું ફરીયાદીએ ફરીયાદમાં વિલંબ અંગેનું કોઈ કારણ આપેલ નથી. પોતાની દિકરીને આરોપીઓ ત્રાસ આપતા હોય તેવું તેમણે નજરો–નજર જોયેલ નથી કે, આરોપી સવજીભાઈ દારુ પીવાની ટેવવાળા છે તે અનુસંધાને તેઓએ કયારેય કોઈ ફરીયાદ કરેલી હોય તેવું બનેલ નથી. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે, તેમની દિકરી ઈલાબેનના લગ્ન જીવન શરુઆતથી બે વર્ષ સારી રીતે ચાલેલું અને તે વખતે આરોપીઓ સંયુકત કુંટુંબમા રહેતા હતા. આ બનાવ અગાઉ આરોપીઓ મરણ જનારને ત્રાસ આપે છે તે મતલબની કોઈ ફરીયાદ કયારેય તેમણે નોંધાવેલી નથી.

વધુમાં ફરીયાદપક્ષે સ્વીકારેલ છે કે,–

''(૬) એ વાત ખરી છે કે બનાવના બીજા દિવસે સવારે આઠ વાગ્યે હું ડો.વઘાસીયાના દવાખાને ગયેલો. એ વાત ખરી છે કે મે ડો.વઘાસીયાને મરણ જનારના મૃત્યુ અંગેનું કારણ પુછેલુ નહી. મારી મરણ જનાર દીકરી ઈલાની અંતિમ વીધીમાં હું જરગલી ગયેલો.

**(૭) એ વાત ખરી છે કે જગદીશભાઈ પાંચાભાઈ શિયાળ અમારા કૌટુંબીક સગા છે. એ વાત ખરી છે કે હું ફરીયાદ કરવા પોલીસ સ્ટેશન ગયો ત્યારે જગદીશભાઈ પાંચાભાઈ મારી સાથે હતા અને તેણે મારો અંગુઠો ઓળખાવેલ હતો. એ વાત ખરી છે કે જગદીશભાઈ પાંચાભાઈ આ ફરીયાદ લખાવતા હતા અને હું તે વખતે તેમની બાજુમાં બેઠેલ હતો અને પોલીસે જગદીશભાઈના લખાવ્યા મુજબ ફરીયાદ લખેલી અને મારા અંગુઠાનું નિશાન લીધેલુ. એ વાત ખરી છે કે ઉના પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. રુબરુ લખાવેલી ફરીયાદનો અંગુઠો પણ જગદીશભાઈ પાંચાભાઈએ બાંધેલો છે. એ વાત ખરી છે કે એ ફરીયાદ પણ જગદીશભાઈએ જ લખાવેલી અને હું તે વખતે તેમની સાથે હતો. એ વાત ખરી છે કે જગદીશભાઈએ લખાવ્યા મુજબ પોલીસે ફરીયાદ લખેલી અને મને અંગુઠાનું નિશાન કરવાનું કહેતા મે તેમાં અંગુઠો મારેલો.**

(૮) એ વાત ખરી છે કે મારા જમાઈ સવજી હીરાઘસુ છે. મારી દીકરી જે જગ્યાએ રહેતી હતી તેના આડોશ પાડોશના લોકોને હું ઓળખુ છું. એ વાત ખરી છે કે, આ આડોશ પાડોશના કોઈ વ્યકિતએ મને મારી દીકરીને ત્રાસ આપવામાં આવે છે તેવુ કયારેય કહેલુ નથી. એ વાત ખરી નથી કે, આ બનાવ બન્યો ત્યારે મારી દીકરી ઈલા અને તેના બે બાળકો એટલા જ ઘરે હતા, તે સીવાય બીજુ કોઈ ઘરે ન હતુ. એ વાત ખરી છે કે, ઈલાને આ બનાવ બાદ આરોપીઓ ગીરગઢડા દવાખાને લઈ ગયેલા અને વધુ સારવાર માટે ઉના લાવેલા. એ વાત ખરી છે કે મારા જમાઈ સવજીએ ફોન કરીને ઈલા દવા પી ગઈ છે તેવુ જણાવેલુ. એ વાત ખરી નથી કે મરણ જનાર ઈલાબેન કયારેક કયારેક માનસીક બીમાર રહેતા હતા. એ વાત ખરી નથી કે મે સાંભળેલી વાતોના આધારે ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી મરણ જનારને સારી રીતે રાખતા હતા અને કયારેય દુઃખત્રાસ આપતા ન હતા. એ વાત ખરી નથી કે મે ખોટી ફરીયાદ કરેલી છે.

**(૧૮)** આમ, ફરીયાદીની જુબાનીનું વિશ્લેષણ અને મુલ્યાંકન કરીએ તો મરણ જનાર ઈલાબેનને આરોપીઓ તરફથી શારીરિક–માનસિક ત્રાસ આપવામાં આવતો હતો તે બાબતને નજરો–નજર નિહાળનાર ન હોવાનું સ્વીકારેલ છે. આમ પણ આ પ્રકારના બનાવો દિકરીના સાસરે બનતા હોય અને તે દિકરીના સાસરીના ઘરની ચાર દિવાલો વચ્ચે બનતા હોય ત્યારે દિકરીના પિતાને એવા બનાવો નજરે નિહાળવાની તક કે પ્રસંગ ભાગ્યે જ પ્રાપ્ત થાય. આમ, ફરિયાદી સાહેદ ધ્વારા પોતાની દિકરીને આરોપીઓ તરફથી શારીરિક–માનસિક ત્રાસ આપવામાં આવતો હતો તે નજર જોયેલ નથી. વધુમાં ઉલટ તપાસમાં એ હકીકત ફરીયાદીએ સ્વીકારેલ છે કે, આરોપી નંબર–૦૨ અને ૦૩ એટલે કે, મરણ જનાર ઈલાબેનના સસરા આતુભાઈ અને સાસુ કમુબેન તે અલગ રહેતા હતા. વળી, એ હકીકતનો પણ ફરીયાદીએ સ્વીકાર કરેલ છે કે મરણ જનાર ઈલાબેન નવાપરા વિસ્તારમાં નવુ ઘર બનાવીને રહેતા હતા, જે ગામમાંથી બહાર આવેલું છે. જયારે આરોપી નંબર–૦૨ અને ૦૩ એટલે કે, આતુભાઈ અને કમુબેન કે જેઓ જરગલી ગામમાં રહેતા હતા. આમ બનાવ સમયે ત્રણેય આરોપીઓ એકી સાથે એક જ ઘરમાં રહીને મરણ જનાર ઈલાબેનને શારીરિક–માનસિક ત્રાસ આપતા હતા તેવા ફરીયાદપક્ષના આક્ષેપોનું ખુદ ફરીયાદીની જુબાનીથી ખંડન થાય છે. અત્રે ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરતાં એક નોંધપાત્ર અને ઉલ્લેખનીય હકીકત રેકર્ડ ઉપર એ પણ આવેલ છે કે, ફરીયાદી ખુદ સ્વીકારે છે કે, તેઓ ફરીયાદ કરવા માટે ગયા ત્યારે તેમની સાથે જગદીશભાઈ પાંચાભાઈ પોલીસ સ્ટેશને આવેલા અને આ ફરીયાદની હકીકત જગદીશભાઈએ લખાવેલી. પોલીસે જગદીશભાઈએ લખાવ્યા મુજબ ફરીયાદ લખેલી, અને તેમાં ફરીયાદીના અંગુંઠાનું નિશાન લીધેલ. આમ ખુદ ફરીયાદીની જુબાનીમાં બનાવની ફરીયાદ તે ફરીયાદીએ નોંધાવી નથી તેવું સ્પષ્ટ ફલિત થાય છે. વળી, આ જગદીશભાઈ પાંચાભાઈ શીયાળ કે જે ફરીયાદીના સગા સબંધી છે અને આ કેસમાં સાહેદ પણ છે. એ હકીકત ઉલ્લેખનીય છે કે તેઓ ફરીયાદીની સાથે એક જ ઘરમાં રહેતા હોય તેવું નથી. તે જ રીતે આ જગદીશભાઈ પાંચાભાઈ આરોપી સાથે રહેતા હોય કે આરોપીની આડોશ–પાડોશમાં રહેતા હોય તેવું પણ નથી. આ સંજોગોમાં જગદીશભાઈએ કયા માહિતી સ્ત્રોતના આધારે પોલીસમાં ફરીયાદી વતી ફરીયાદની હકીકત લખાવેલી તે અંગેની સ્પષ્ટતા ફરીયાદપક્ષ કરી શકેલા નથી. આમ આ બાબતને હળવાશથી લઈ શકાય નહી કે તેને નજર અંદાજ કરી શકાય નહી.

**(૧૯)** વધુમાં ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૩૩થી એક અરજી રજુ કરેલી છે. જેને ધ્યાને લઈએ તો તે તા. ૦૪/૦૬/૨૦૧૭ના રોજ ફરીયાદી બાબુભાઈ

વશરામભાઈ બાંભણીયાની ઉના પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ.શ્રી જે.જે.પરમાર રૂબરૂ આપેલી છે. જેમા તેઓએ પોલીસને જણાવેલ છે કે,–

> *"આજ રોજ મને મારા જમાઈ સવજીએ સવારના આઠેક વાગ્યે ફોન કરી જાણ કરેલ કે, તમારી દિકરી ઈલા ઝેરી દવા પી મરણ ગયેલ છે, તો તમો ઉના સી.એચ.સી.માં આવો,જેથી હું તથા મારી ઘરવાળી કમુ અમે બધા ઉના સરકારી દવાખાને આવેલ અને જોયેલ તો મારી દીકરી મરણ હાલતમાં હતી. જે બાબતે પુછતા જણાવું છું કે, મારી દીકરી ઈલાને એક અઠવાડીયા પહેલા તેના ઘરવાળા તથા સાસુ સસરાએ માર મારેલ હતો અને આજ રોજ દવા પી ગયેલનું જણાવોલ , પરંતુ આ મારી દીકરીને તેના સાસરીયાપક્ષનાએ માર મારી દવા પીવડાવી મારી નાંખેલ છે જેથી મારે તેમના વિરુધ્ધ ફરીયાદ કરવાની છે. "*

**(૨૦)** વધુમાં તે જ દિવસે એટલે કે, તા.૦૪/૦૬/૨૦૧૭ના રોજ તેઓએ પી.એસ.આઈ. ગીરગઢડા રુબરુ પોતાની ફરીયાદ હકીકત લખાવેલી છે. જે બંનેમાં પણ કેટલીક મહત્વની વિસંગતતા રેકર્ડ ઉપર આવેલી છે અને જેમાં મહત્વની વિસંગતતા એ છે કે, આંક–૩૩ વાળી અરજીમાં બનાવની જાણ તેઓને તા.૦૪/૦૬/૨૦૧૭ના રોજ સવારના ૮–૦૦ વાગ્યે આરોપી સવજીભાઈએ ફોનથી કરેલી છે તેમ જણાવે છે. જયારે આંક–૩૪ની ફરીયાદમાં બનાવની જાણ તે જ દિવસે રાત્રીના ૩–૩૦ વાગ્યાના અરસામાં આરોપી સવજીએ ફોન કરેલ તેમ જણાવેલ છે. આમ બનાવની જાણ ફરીયાદીને થઈ તે સમય અંગે દેખિતી વિસંગતતા રેકર્ડ ઉપર આવેલી છે. આંક–૩૩ની અરજીમાં આરોપીઓએ મરણ જનાર ઈલાબેનને માર મારીને દવા પીવડાવીને મારી નાખેલ છે તેવો આક્ષેપ કરેલ છે. જયારે આંક–૩૪ની ફરીયાદમાં આરોપીઓ તરફથી શારીરિક–માનસિક ત્રાસ હોવાના કારણે મરણ જનાર ઈલાબેનએ જાતે ઝેરી દવા પીઈ આત્મહત્યા કરેલી છે તેવા આક્ષેપો કરેલા છે. આમ સદર વિસંગતતા પણ નોંધપાત્ર અને ઉલ્લેખનીય જણાય છે.

**(૨૧)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૬થી મરણ જનાર ઈલાબેનના માતૃશ્રી કમુબેન બાબુભાઈને તપાસેલા છે. તેમની જુબાનીની વિગતો ધ્યાને લઈએ તો મરણ જનારના લગન સવજી આતુભાઈ સાથે બનાવના ચાર વર્ષ અગાઉ થયેલાનું અને લગ્નજીવનથી મરણ જનાર ઈલાબેનને એક દિકરો અને એક દિકરી એમ બે સંતાનો થયેલ છે. આ બંને સંતાનો આરોપી પાસે છે. વધુમાં કમુબેન જણાવે છે કે, લગ્નના બે વર્ષ સુધી તેમની

દિકરીની આરોપીઓએ સારી રીતે રાખેલી, ત્યારબાદ તેના પતિ આરોપી સવજીભાઈ અને સાસુ–સસરા તેણીને દુઃખત્રાસ આપતા અને માર કુટ કરતા હતા તથા તેમના જમાઈ એટલે કે, સવજી આતુભાઈ દારુ પીઈને આવતા અને ઈલાબેનને મારકુટ કરતો હતો, અને ઈલા અવાર–નવાર આ ત્રાસના કારણે પીયરમાં આવતી રહેતી હતી, અને છેલ્લે રીસામણે આવેલી ત્યારે બે મહિના પીયરમાં રોકાયેલી અને તે પછી વકીલશ્રીની હાજરીમાં સમાધાનનું લખાણ કરીને તેને મોકલેલી અને આરોપી સવજીએ હવે પછી મારકુટ ન કરે તેવું લખાણ કરી આપેલું હોવાની વિગતો જણાવે છે. વધુમાં બનાવ સબંધે તેણી જણાવે છે કે, બનાવની રાત્રે સાડા ત્રણ વાગ્યે તેમના જમાઈ સવજીએ ફોન કરેલો અને કહેલ કે, ઈલા દવા પી ગયેલ છે, જેથી સાહેદ કમુબેન અને તેમના પતિ સવારમાં ઉનાના ડોકટર વઘાસીયાને ત્યાં ગયેલા અને તેઓ પહોંચ્યા ત્યારે ઈલા મરણ ગયેલી હતી. વગેરે મતલબની હકીકતો જણાવે છે.

**(૨૧.૧)** બચાવપક્ષની ઉલટ તપાસમાં આ સાહેદ પણ સ્વીકારે છે કે, આરોપી નંબર–૦૨ અને ૦૩ના એટલે કે, આરોપી નંબર–૦૧ સવજીથી અલગ રહેતા હતા, અને આ બનાવ અંગાઉ કયારેય આરોપીઓ વિરુધ્ધ ઈલાબેનએ કોઈ ફરીયાદ નોંધાવી હોય તેવુ બનેલ નથી કે, ઈલાબેનને મારકુટ કરવામાં આવી હોય અને તે અંગે તેણીએ સારવાર લીધેલી હોય તેવું પણ બનેલ નથી.

**(૨૨)** વધુમાં ફરીયાદપક્ષ આંક–૩૭થી સાહેદ સમજુબેન લખમણભાઈ બાંભણીયાને તપાસેલા છે કે જેઓ ગુજરનાર ઈલાબેનના માસી થાય છે, અને સાહેદ કમુબેન બાબુભાઈના મોટા બેન થાય છે. સદર સાહેદ જણાવે છે કે, તેણીએ શીલોજ મુકામે લગ્ન થયેલા અને ૧૦ વર્ષ અગાઉ છુટા છેડા લઈ તેણી કાજરડી મુકામે તેમના ભાભી મંજુબેન સાથે રહે છે. વધુમાં સાહેદ જણાવે છે કે, –

> "(૨) આ મારી ભાણેજ લગ્ન બાદ તેના પતિ, સાસુ, સસરા સાથે રહેતી હતી. આ મારી ભાણેજ લગ્ન બાદ અવાર નવાર તેના પીયર આવતી અને મારે ત્યાં પણ આવતી હતી અને મને વાત કરતી કે તેના પતિ સવજી દારૂ પી ને આવે છે અને મારજુડ કરે છે અને સાસુ–સસરા મેણા–ટોણા મારે છે તેવું કહેતી. આ મેણાં ટોણાંમાં તેના સાસુ–સસરા એવુ કહેતા કે તારી માં એ તને કામ શીખવાડયુ નથી, કાંઈ આવડતુ નથી. આ મારી ભાણેજ ત્રણેક વખત તેના માવતરને ત્યાં રીસામણે આવેલી હતી. પ્રથમ વખત બે મહીના જેટલો સમય રીસામણે આવેલી. ત્યારબાદ નવાબંદર ગામના આગેવાનોએ વચ્ચે પડી આ મારી

ભાણેજને તેના સાસરે સવજી સાથે મોકલાવેલી. આ આગેવાનોના નામ મને આવડતા નથી. ત્યારબાદ છ સાત મહીના બાદ બીજી વખત રીસામણે આવેલી. તે વખતે આ મારી ભાણેજ તેના માવતરમાં છ સાત મહીના રોકાયેલી. ત્યારબાદ આ મારી ભાણેજ ઈલાને અમોએ ચીખલીના લાલજીભાઈ વકીલ પાસે રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ ઉપર લખાણ તૈયાર કરાવેલુ અને સવજીભાઈએ તે વખતે મારકુટ નહી કરીએ અને ઈલાને સારી રીતે સાચવશુ એવી બાહેધરી આપેલી. આ લખાણ વખતે હું તથા મારી બેન કમુબેન તથા મારો ભત્રીજો મોહનભાઈ વિગેરે હાજર હતા. આ લખાણમાં મારી, મોહનભાઈની, સવજીભાઈની, ઈલાની તથા લાલજીભાઈ વકીલની સહીઓ કરેલી. મને માર્ક ૧૧/૧૪નું સ્ટેમ્પ પેપર ઉપરનું લખાણ બતાવવામાં આવે છે, તેમાં મારી સહી છે તથા મે ઉપર નામ જણાવ્યા તેમની સહીઓ છે, જે રજુ આંક–૩૮. આ લખાણ કર્યા બાદ આરોપી સવજીભાઈ આ મારી ભાણેજ ઈલાબેનને સાથે લઈ ગયેલા હતા અને ઈલાબેન તેના સાસરે તેઓની સાથે રહેતી હતી. ઈલાને તેડી ગયાના બે–ત્રણ મહીના બાદ ઈલાને તેના પતિ સવજીએ મારકુટ કરેલી જેથી ઈલાએ મને રાત્રીના આઠ વાગ્યે ફોન કરી જાણ કરેલી જેથી હું તથા મારો ભત્રીજો મોહન તથા મારો ભત્રીજો જગદીશ રીક્ષા લઈને જરગલી ગામે ઈલાના સાસરે ગયેલા. તો ઈલાના દીયર અરવિંદ તથા બાબુએ અમોને બાહેધરી આપેલી કે હવે ઈલાને મારકુટ દુઃખ ત્રાસ નહી આપે જેથી અમો ત્રણેય જણા પરત ઘરે આવતા રહેલ. ત્યારબાદ ચાર–પાંચ દિવસ બાદ મને રાતના સાડા ત્રણ વાગ્યે સવજીનો ફોન આવેલો કે તમારી દીકરી ઈલા દવા પી ગયેલ છે અને અમે તેને લઈને ઉનામાં ડો.વઘાસીયા સાહેબને ત્યાં છીએ જેથી હું તથા મારા ભત્રીજાઓ મોહન પાંચા તથા જગદીશ પાંચા ઉનામાં ડો.વઘાસીયા સાહેબના દવાખાને ગયેલા. પાછળથી મારી બેન કમુબેન તથા તેનો પતિ પણ આવી ગયેલા. અમે દવાખાનામાં જોયુ તો આ મારી ભાણેજ ઈલા મરણ ગયેલ હતી. આ બાબતની અમોએ પોલીસને જાણ કરેલી. ત્યારબાદ ઈલાની લાશને લઈને અમે ઉના સરકારી દવાખાને ગયેલા જયાં પોલીસ આવેલી અને ઈલાના મોત બાબતે મારા બનેવી બાબુભાઈએ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી. પોલીસે મારી બનાવ સંબંધે પુછપરછ કરેલી.''

**(૨૨.૧)** આમ, સાહેદ સમજુબેન લખમણભાઈની જુબાનીમાં ફરીયાદપક્ષે આંક–૩૮થી એક સમાધાન લેખ રજુ કરેલ છે, આ સમાધાન લેખ થયેલ છે તે હકીકત બચાવપક્ષ ધ્વારા પડકારવામાં આવેલ નથી. બચાવપક્ષે ઉલટ તપાસ દરમ્યાન આંક–૩૮ વાળા સમાધાન લેખને રીફર કરીને સૂચક સવાલો પુછેલા છે. આમ બંને પક્ષે આંક–૩૮ વાળા સમાધાન લેખ થયાની હકીકતનો સ્વીકાર કરે છે. વધુમાં આ સમાધાન લેખમાં સાહેદ સમજુબેન લખમણભાઈની સહી છે અને જે સહી સાહેદ સમજુબેને પોતાની જુબાનીમાં ઓળખી બતાવેલ છે. ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ–૬૭ મુજબ સાહેદ સમજુબેનની જુબાનીથી આંક–૩૮નું લખાણ સાબિત કરવામાં આવેલ છે. જે લખાણને ધ્યાને લઈએ તો તા.૦૯/૧૨/૨૦૧૬ના રોજ મરણ જનાર ઈલાબેન સવજીભાઈ અને તેમના પતિ એટલે કે, આરોપી નંબર–૧ સવજીભાઈ આતુભાઈનાઓ વચ્ચે વકીલશ્રી એલ. જે. સોલંકી તથા સાક્ષીઓની હાજરીમાં સમાધાન લખાણ થયેલ છે. જે નીચે મુજબ છે.–

**<u>સમાધાનનું લખાણ</u>**

લીલાબેન સવજીભાઈ ગુજરીયા, ડો./ઓ. બાબુભાઈ બાંભણીયા,
ઉ.વ–૨૪, ધંધો–ઘરકામ,રહે.–નવાબંદર,તા.ઉના, ....પ્રથમપક્ષકાર
તથા
સવજીભાઈ આતુભાઈ ગુજરીયા,
ઉ.વ.આ.૨૬, ધંધો–હીરાઘસવાનો,રહે. જરગલી,તા.ગીરગઢડા, ....બીજાપક્ષકાર

આથી આપણે પક્ષકારો પરસ્પર આ સમાધાનનું લખાણ લખી આપી બંધાઈએ છીએ કે,
(૧) આપણે પક્ષકારોના લગ્ન આજથી આશરે ૫ વર્ષ પહેલા થયેલા હતા અને તે રીતે આપણે પક્ષકારો કાયદેસરના પતિ–પત્ની તરીકે સહજીવન જીવતા હતા.
(૨) આપણે પક્ષકારોના લગ્ન સહ જીવનથી બે બાળકો થયેલા છે, જેમા(૧) અવિનાશ અને તન્વીબેન થયેલા છે.
(૩) લગ્નની શરૂઆતમાં આપણે પક્ષકારોનું લગન સહજીવન સારી રીતે ચાલેલો બાદમા આપણે પક્ષકારો વચ્ચે નાના–મોટા વિવાદો ઉભા થતાં છેલ્લા છ માસથી પ્રથમ પક્ષકાર તેના પીયરયામાં રહે છે.
(૪) પરંતુ હાલમાં આપણા પક્ષકારોના વડીલો તેમજ જ્ઞાતિજનોની સુખદ સમજાવટથી આપણે પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ છે અને તે સમાધાન મુજબ અમો બીજા પક્ષકારે તમો પ્રથમ પક્ષકારને તેડી જવાના છે અને લઈ જવાના છે અને સારી રાખવાના છે તેની ખાતરી સ્વરુપે આ સમાધાનનું લખાણ લખવામાં આવે છે.
(૫) **હવેથી બીજાપક્ષકારે પ્રથમ પક્ષકારને ખુબ જ સારી રીતે રાખવાના છે સાચવવાના છે તેને કદી પણ કોઈ મારકુટ,દુઃખત્રાસ કે માનસિક કે શારીરિક દુઃખત્રાસ આપવાના નથી, કે હેરાન પરેશાન કરવાના નથી કે કોઈ ટોર્ચર કરવાના નથી અને બીજાપક્ષકારે એક પતિ તરીકેની તમામ જવાબદારી પુરી નિષ્ઠાથી નિભાવવાની છે. તેમા કસુર કરવો નથી.**
(૬) આમ અમો પ્રથમ પક્ષકારે પણ એક આદર્શ પત્ની તરીકે લગ્ન સહજીવન જીવવાનો છે કદાપી કોઈ એક બીજાને મનદુઃખ લાગે તે રીતે કોઈ વર્તન કરવાનો નથી કે અગાઉની જુની વાતો યાદ કરવાની નથી કે, આ બાબતે બંને પક્ષકારો વચ્ચે કોઈ તકરાર ઉભી થાય તેવા વર્તન એક બીજા પક્ષકારે કરવાના નથી, અને સારી રીતે સુખેથી લગ્ન સહજીવન જીવવાનો છે.
(૭) આ સમાધાન આપણે પક્ષકારો વચ્ચે સુખદ રીતે થયેલ છે અને આ સમાધાનનું આપણે પક્ષકારોએ હર હંમેશા પાલન કરવાનો છે કોઈ પણ પક્ષકારે આ સમાધાન વિરુધ્ધ વર્તન કરવાનો નથી.

(૮) હવેથી આપણે બંને પક્ષકારોની સુખી લગ્ન સહવાસ દરમ્યાન આપણે આપણા બંને સંતાનોનો ઉછેર સારી રીતે કરવાનો છે.
આ સમાધાનનું લખાણ આપણે પક્ષકારોએ રો.૧૦૦/–નો એક સ્ટેમ્પ તથા તેની સાથે લેજર શીટ નં.ર જોડીને પુર્ણ કરવામાં આવેલ છે અને આ સમાધાનનું લખાણ આપણે પક્ષકારોએ આપણી ઈચ્છા અને મરજીથી કરવામાં આવેલ છે અને તે મુજબ જ લખાવામાં આવેલ છે જે બદલ કોઈ પણ પક્ષકારને કોઈ પણ પક્ષકાર તરફથી કોઈ દાબ દબાણ મળેલ નથી તેની પણ એક બીજાને ખાતરી આપીએ છીએ.
આ સમાધાન થયા અંગેનું લખાણ આપણે પક્ષકારોએ આપણી રાજીખુશીથી,સમજી વિચારીને કોઈ પણ જાતના દામ દબાણ વગર લખી આપેલ છે જે આપણે પક્ષકારો તથા આપણા વંશ વારસો તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે જેની ખાતરી બદલ આ નીચે સહી કરી સાક્ષી કરણ કરાવી આપેલ છે.

ઉના. સહી–અવાચ્ય.
તા.૯/૧૨/૧૬ લ.ધ.વ.શ્રી એલ. જે. સોલંકી,
પક્ષકારોની સુચનાથી એડવોકેટ :ઉના

**–સહીઓ –** **સાક્ષીઓ**.
(૧) ઈલા સવજી ૧ મોહન પાંચા (સહી)
પ્રથમ પક્ષકારની સહી

બીજા પક્ષકારની સહી ૨ સમજુબેન (સહી)
(૨) ગુજરીયા સવજીભાઈ આતુભાઈ

**(૨૩)** આમ ફરીયાદી બાબુભાઈ વશરામભાઈની જુબાની તથા ઉપરોકત ચર્ચા કરેલ સાહેદ કમુબેન બાબુભાઈની જુબાની તથા સાહેદ સમજુબેન લખમણભાઈની જુબાની અને આંક–૩૮ વાળા સમાધાન લેખ તે તમામને ધ્યાનમાં રાખીને પુરાવાઓનું મૂલ્યાંકન કરીએ તો એ હકીકત જરૂરથી ફલિત થાય છે કે, મરણ જનાર ઈલાબેન અને આરોપી નંબર–૧ સવજીભાઈ આતુભાઈ ગુજરીયા વચ્ચે લગ્નજીવનમાં મતભેદો અને તકરારો ચાલતી હતી, અને આ તકરારોના પરિણામ સ્વરુપે મરણ જનાર ઈલાબેન પોતાના પીયર પણ જતા રહેતા વળી, સમાધાન લેખ આંક–૩૮ના પેરા – ૦૫ ને ધ્યાનમાં લઈએ તો તે લખાણનો પરોક્ષ અર્થ એવો પણ નીકળે છે કે, આરોપી સવજીભાઈ આતુભાઈ મરણ જનાર ઈલાબેનને શારીરિક–માનસિક ત્રાસ આપતા હતા, અને તા. ૦૯/૧૨/૨૦૧૬ના સમાધાન લખાણ કર્યા પછીથી મરણ જનાર ઈલાબેન ને મારકુટ ન કરવાનું કે શારીરિક–માનસિક ત્રાસ નહી આપવાનું તેવું લેખિત વચન આપેલ છે. જેનો અર્થ પરોક્ષ રીતે ચોકકસથી એવો નીકળે છે કે, અગાઉ આરોપી નંબર–૧ ધ્વારા મરણ જનારને શારીરિક–માનસિક પજવણી થતી હતી. વળી, બચાવપક્ષની ઉલટ તપાસને ધ્યાને લઈએ તો પણ મરણ જનારને આરોપી સવજી આતુભાઈ તરફથી શારીરિક – માનસિક ત્રાસ આપવામાં આવતો હતો તે હકીકતોનું ખંડન થાય તેવી કોઈ વિગતો તેઓ રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. આ તબકકે આંક–૩૮વાળા સદર સમાધાન લખાણને જોતા તેમાં કયાંય એવુ પ્રત્યક્ષ કે પરોક્ષ ફલિત થતું નથી કે, આરોપી

નંબર–૦૨ આતુભાઈ ગોવિંદભાઈ અને આરોપી નંબર–૦૩ કમુબેન આતુભાઈ તરફથી મરણ જનાર ઈલાબેનને કોઈ પ્રકારનો શારીરિક કે માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. વધુ સ્પષ્ટતા કરીએ તો જો, મરણ જનારને તેણીના સાસુ–સસરા વિરુધ્ધ પણ શારીરિક–માનસિક ત્રાસની ફરીયાદ હોત તો, આ સમાધાન લખાણમાં તેઓની પણ તે અંગે બાંહેધરી લેવામાં આવી હોત પરંતુ, સમાધાન લખાણમાં સાસુ–સસરા વિરુધ્ધ મરણ જનારને કોઈ ફરીયાદ હોય તેવું ફલિત થતું નથી. વધુમાં ખુદ ફરીયાદીની જુબાનીમાં રેકર્ડ ઉપર આવેલી હકીકતો મુજબ મરણ જનારના સાસુ–સસરા એટલે આરોપી નંબર–૦૨ આતુભાઈ અને આરોપી નંબર–૦૩ કમુબેન તે બંને આરોપી નંબર–૦૧ સવજીભાઈથી અલગ રહેતા હતા. વધુમાં ફરીયાદી બાબુભાઈ વશરામભાઈની જુબાની કે ફરીયાદીના પત્ની કમુબેન બાબુભાઈની જુબાની ધ્યાને લઈએ તો આરોપીઓ ધ્વારા કયારેય કોઈ પૈસાની માંગણી મરણ જનાર મારફત કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદો એટલે કે, મરણજનારના માતા–પિતા પોતાની જુબાનીમાં જણાવતા નથી. આમ, ફરીયાદના એ આક્ષેપોને સમર્થન પ્રાપ્ત થતું કે, આરોપી મરણ જનાર મારફતે વધારે પૈસાની માંગણી કરતા હતા.

**(૨૪)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૯થી સાહેદ જગદીશભાઈ પાંચાભાઈ શીયાળને તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, મરણ જનાર ઈલાબેન તેમના ફોઈ કમુબેનની દિકરી થાય છે, જેના લગ્ન પાંચ–છ વર્ષ અગાઉ આરોપી નંબર–૦૧ સવજીભાઈ આતુભાઈ સાથે થયેલ હતા અને લગ્ન બાદ આ ઈલાબેન સાહેદને ત્યાં આવર–નવાર આવતી જતી હતી, અને જણાવતી કે તેણીના સાસુ–સસરા અને પતિ તેણીની પાસે પૈસા મંગાવે છે અને મારકુટ કરે છે. તેણી ત્રણ–ચાર વખત રીસામણે આવેલ અને ચાર–પાંચમહિના સુધી રોકાયેલ અને બે મહિના અગાઉ રીસામણે આવી તે વખતે લાલજીભાઈ વકીલ પાસે સમાધાન લખાણ કરાવીને તેણીના પતિ તેને સાસરે તેડી ગયેલા. વધુમાં સાહેદ જણાવે છે કે, તેના પતિ તેણીને તેડી ગયા તેના એકાદ મહિના બાદ મરણજનાર ઈલાબેનનો સાહેદની ફોઈ સમજુબેન ઉપર ફોન આવેલો કે તેના પતિ તેને મારકુટ કરે છે જેથી સાહેદ જગદીશભાઈ તેમના ભાઈ મોહનભાઈ તથા ફઈબા સમજુબેન તથા સાહેદના કાકા મનુભાઈનો દિકરો યોગેશ રીક્ષા લઈને જરગલી ગામે ગયેલા, આ વખતે રાત્રીના બાર વાગ્યાનો સમય થયેલો હતો, તે વખતે આરોપી સવજીભાઈના પિતા આતુભાઈએ ભરોસો આપેલો કે, ઈલાને હવે કાંઈ થશે નહીં, તેથી સાહેદ અને તેની સાથેના બધા પરત આવેલા અને તેના એક અઠવાડીયા બાદ ઈલાબેન એ ઝેરી દવા પીઈને આત્મહત્યા કરી લીધેલી. વગેરે મતલબની હકીકતો

જણાવે છે. આ સાહેદની જુબાનીમાં ઈલાબેન તેઓને મળતી ત્યારે સાસરાપક્ષ વાળા પૈસા મંગાવે છે તેવું જણાવતી વગેરે જે હકીકતો સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે, તે હકીકત અતિશયોકિતભરી જણાય છે અને તેવો ખુદ ફરીયાદી કે તેમના પત્નીની જુબાનીમાં આવા આક્ષેપોને સમર્થન પ્રાપ્ત થતું નથી.

**(૨૫)** વધુમાં ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૪૦ થી સાહેદ નંબર–૧૪ મોહનભાઈ પાંચાભાઈ શીયાળને તપાસેલા છે. તેમની જુબાની જોઈએ તો તેઓ પણ અન્ય સાહેદોની જેમ જ આરોપી સવજી આતુભાઈ તરફથી મરણજનાર ઈલાબેનને શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હોય, તેવી વિગતો જણાવે છે. આ સાહેદ તે મરણ જનાર ઈલાબેનના મામાના દિકરા થાય છે. વધુમાં આંક–૩૮ વાળા સમાધાન લખાણ જે થયેલ છે તે લખાણ વખતે આ સાહેદની હાજરી ઉપલબ્ધ રહેલી છે અને તે લખાણમાં આ સાહેદની પણ સાક્ષી તરીકે સહી કરેલી છે.

**(૨૬)** આમ ફરીયાદપક્ષના કેસ જે સાહેદની જુબાની ઉપર નિર્ભર છે તેવા સાહેદ એટલે કે, ફરીયાદી બાબુભાઈ વશરામભાઈ બાંભણીયાની કે જે મરણ જનારના પિતા છે, મરણ જનારના માતૃશ્રી સાહેદ કમુબેન બાબુભાઈ, મરણ જનાર ઈલાબેનની માસી સમજુબેન લખમણભાઈ અને મરણ જનારના મામાના દિકરા મોહનભાઈ તથા જગદીશ ભાઈ પાંચાભાઈ આ તમામ સાહેદોની જુબાની જોઈએ તો બચાવ પક્ષના કેસ પ્રમાણે આ તમામ સાહેદો હીયરસે વિટનેસ છે, એટલે કે, આ સાહેદો પોત પોતાની જુબાનીમાં જે હકીકતો જણાવે છે તે હકીકતો કથોપકથિત છે, અને આ સાહેદોની હાજરીમાં મરણજનાર ઈલાબેનને શારીરિક–માનસિક ત્રાસ આપવાનો કોઈ બનાવ બનેલ નથી કે તેવો બનાવ આ સાહેદોએ નજરે–નજર નિહાળેલ નથી. અત્રેની અદાલત બચાવપક્ષના સદર બચાવને જરૂરથી માને છે, પરંતુ અહીં એ નોંધવું જરૂરી છે કે, અગાઉ ચર્ચા કરી તેમ મરણ જનાર ઈલાબેન કે જે પોતાની સાસરીમાં આરોપી નંબર–૦૧ પતિ સવજીભાઈ આતુભાઈ સાથે રહેતી હતી, અને તેણીને આરોપી સવજીભાઈ આતુભાઈ તરફથી શારીરિક–માનસિક ત્રાસ આપવાનો જે કોઈ બનાવ બનતો હતો તે જરગલી મુકામે તેમના ઘરે બનતો હતો. તેવા સંજોગોમાં સ્વભાવિકપણે પીયરપક્ષના લોકોને આ બનાવ નજરે નિહાળવાની કયારેય તક મળે નહી, અને મોટાભાગના આ પ્રકારના કેસમાં ભોગ બનનારની દિકરીના માતા–પિતા અને પરિવારજનો દુઃખ ત્રાસની હકીકતો સાંભળતા હોય છે, તે મુજબ આ કેસમાં પણ સાહેદોએ મરણજનાર ઈલાબેનના

મોઢેથી દુ:ખ ત્રાસની હકીકતો સાંભળતા અને તે પોત પોતાની જુબાનીમાં વર્ણવેલ છે. આ કિસ્સામાં આંક–૩૮ના સમાધાનનું લખાણ એ વાતની સાક્ષી પુરે છે કે, મરણ જનાર ઈલાબેનને અને આરોપી સવજીભાઈ આતુભાઈને લગ્ન જીવન દરમ્યાન મતભેદો તકરાર ચાલતી હતી અને તેના કારણે મરણ જનાર રીસાઈને પોતાના પીયર પણ જતી રહેતી હતી, વધુમાં સદર સમાધાન લેખ જોતા તે વડીલોની હાજરીમાં આંક–૩૮ વાળું લખાણ કરવામાં આવેલું છે અને આ લખાણના આધારે જ આરોપી સવજીભાઈ આતુભાઈ મરણ જનારને જરગલી મુકામે તેડી ગયેલા છે. આમ સમગ્ર રીતે જોતા એ હકીકત ઉભરી આવે છે કે, આરોપી સવજીભાઈ આતુભાઈ એ પોતાના માતા–પિતાથી અલગ જરગલી મુકામે નવાપરા વિસ્તારમાં અલગ રહેતા હતા એટલે કે, આરોપી નંબર–૦૨ આતુભાઈ અને તેમના પત્ની આરોપી નંબર–૦૩ કમુબેન તે મરણ જનાર ઈલાબેનની સાથે રહેતા ન હતા અને આરોપી સવજીભાઈ આતુભાઈ તે પોતાની પત્ની એટલે કે, મરણ જનાર ઈલાબેનને કોઈ કોઈ વાર શારીરિક ત્રાસ આપતો હતો, તેવું માની શકાય તેમ છે.

## પોલીસ સાહેદોનો પુરાવો.

**(૨૭)** ફરીયાદપક્ષે પોતાનો કેસના સમર્થનમાં આંક–પરથી સાહેદ નંબર–૧૬ મનુભાઈ કરશનભાઈ વાંજાને તપાસેલા છે. તેઓની જુબાની જોઈએ તો તા.૦૪/૦૬/૨૦૧૭ના રોજ તેઓ ગીરગઢડા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા ત્યારે પી.એસ.આઈ.શ્રી એમ.એ.વાળાએ પોતાના રૂબરૂ નોંધેલી લેખિત ફરીયાદ ગુનો રજીસ્ટર થવા માટે આપતા કલાક–૧૫–૦૦વાગ્યે ગીરગઢડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ–ગુના રજીસ્ટર નંબર–૪૬/૨૦૧૭ થી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૩૦૬,૪૯૮(ક),૧૧૪ મુજબનો ગુનો નોંધી આગળની તપાસ તેઓએ પી.એસ.આઈ.એમ.એ.વાળાને સોંપ્યાનું પોતાની જુબાનીમાં જણાવે છે. બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ સ્વીકારે છે કે, એફ.આઈ.આર.ના કોલમ–૩માં ગુનો બન્યાની તારીખ ૦૩/૦૬/૨૦૧૭ દર્શાવેલ છે, અને ગુનો તા.૦૪/૦૬/૨૦૧૭ના રોજ નોંધાયેલ છે અને એફ.આઈ.આર.ના કોલમ–૮માં માહિતી મોડી આપવા માટે ફરીયાદીએ કોઈ કારણ જણાવેલ નથી. આમ ફરીયાદ મોડી નોંધાવવામાં આવી તેનો વિધ્વાન વકીલશ્રી ભગદેવ ધ્વારા બચાવ લેવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા મરણ જનાર ઈલાબેનના પરિવારજનો એટલે કે, તેના પિતા બાબુભાઈ અને માતા કમુબેન વગેરેનાઓએ તા.૦૪/૦૬/૨૦૧૭ના રોજ સવારના ૩–૩૦ વાગ્યે બનાવની જાણ થયેલી છે અને ત્યારબાદ તેઓ નવાબંદરથી નીકળી ઉના મુકામે આવેલ છે અને ત્યાં આવ્યા બાદ ડો.વઘાસિયાના દવાખાને તેમની દિકરી

ઈલાબેન સારવારમાં દાખલ કરેલી. છે તેવુ જાણીને તેઓ હોસ્પીટલે પહોંચેલા અને જયાં ઈલાબેન મરણ ગયેલાનું તેમણે જાણેલ છે. આમ જોઈએ તો ડો.વઘાસિયાની પણ એ ફરજ બનતી હતી કે તેઓએ ત્યાં ઝેરી દવા પીધેલ અવસ્થામાં ઈલાબેનને સારવાર માટે લાવવામાં આવેલા છે તે અંગેની જાણ સબંધિત પોલીસ સ્ટેશનને કરે પરંતું, તેવું તેમણે આ કિસ્સામાં કરેલું નથી. આમ સમગ્ર રીતે જોતા ફરીયાદીને બનાવની જાણ થયા બાદ તે જ દિવસે બનાવ અંગેની ફરીયાદ નોંધાવેલી છે. આમ બચાવપક્ષે ફરીયાદ વિલંબથી નોંધાયેલ છે તે બાબત ઉપર પોતાની દલીલમાં જેટલો ભાર મુકેલ છે તે સમગ્ર સંજોગો જોતા ફરીયાદ એટલા મોટા વિલંબ બાદ નોંધાયેલાનું જણાતું નથી કે જે અંગે કોઈ શંકા ઉત્પન્ન કરવાનું કારણ પ્રાપ્ત થાય. પરંતુ અત્રે સાથે– સાથે એ નોંધવું જરૂરી છે કે, અગાઉ ચર્ચા કરી તેમજ ખુદ ફરીયાદી પોતે જુબાનીમાં આ ફરીયાદ તેમણે નહીં પરંતું તેમની સાથે આવેલા જગદીશ પાંચાભાઈ શીયાળએ લખાવેલ હોવાનું જણાવે છે તે હકીકત વધુ ગંભીર જણાય છે, વળી તે બાબતે ફરીયાદપક્ષે ખરેખર ખૂલાસો કરવો જોઈતો હતો, પરંતુ ફરીયાદ પક્ષે દલીલમાં પણ તે સબંધે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલી નથી.

**(૨૮)** વધુમાં ફરીયાદ પક્ષે આંક–૬૦થી સાહેદ કનુભાઈ મંગળાજી નીનામાને તપાસેલા છે, કે જેઓ બનાવ વખતે ઉના મુકામે નાયબ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા, અને તા.૦૪/૦૬/૨૦૧૭ના રોજ તેઓએ મરણ જનાર ઈલાબેનની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ ભરેલ છે. જેમાં તેણીના શરીર ઉપર કોઈ દેખિતા ઈજાના ચિન્હો જોવા મળેલા નહી, વગેરે મતલબની હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ છે.

**(૨૯)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૬૧થી સાહેદ ભીખુભાઈ મંગુભાઈ બાડરશાહીને તપાસેલા છે કે, જેઓ એફ.એસ.એલ.જુનાગઢમાં મદદનીસ નિયામકશ્રી તરીકે ફરજ બજાવે છે, અને તેઓએ તા.૦૪/૦૬/૨૦૧૭ ના રોજ ગીરગઢડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ–ગુના રજીસ્ટર નંબર–૪૬/૨૦૧૭ અંગે ટેલીફોનિક મેસેઝ મળતા, તેઓ તા. ૦૬/૦૬/૨૦૧૭ના બનાવ સ્થળની મુલાકાત લીધેલી છે અને તપાસ કરનાર અમલદારને ફોરેન્સિક તપાસ માટે જરૂરી નમૂના લેવા માટે સુચના આપેલી છે. વિગેરે વિગતો પોતાની જુબાનીમાં જણાવેલ છે.

**(૩૦)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૬૩થી સાહેદ યોગેશનભાઈ મંગળભાઈ વાજાને તપાસેલ છે કે જેઓ ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં હેડ કોંસ્ટેબલ છે, અને તા.૬/૭/૨૦૧૭ ના રોજ પોતે પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા ત્યારે કલાક–૨૧–૦૦ વાગ્યે પોલીસ કોંસ્ટેબલ દિનેશ કરશનભાઈનાઓએ મરણ જનાર ઈલાબેન સવજીભાઈના પોસ્ટમોર્ટમ વખતે મેડીકલ ઓફિસરશ્રી ધ્વારા વિસેરા લેવામાં આવેલા તે સેમ્પલ આંક–૨૬વાળા પંચનામાની વિગતે કબજે લઈ સ્વીકારેલા છે અને તે વિસેરા આગળની તપાસ અર્થે તપાસ કરનાર અમલદારને સુપ્રત કરેલા છે. તે સિવાય તેમણે બીજી કોઈ કામગીરી કરેલી નથી.

**(૩૧)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૫૮ થી તપાસ કરનાર અમલદારશ્રી મધુભાઈ અમરાભાઈ વાળાને તપાસેલા છે, તેમની જુબાનીનુ વિશ્લેષણ અને મૂલ્યાંકનમાં સરળતા રહે તે હેતુથી સદર સાહેદની જુબાની યથાસ્વરુપે શબ્દશઃ ટાંકવી અત્રેની કોર્ટને ઉચિત અને ન્યાયી જણાય છે, જે નીચે મુજબ છે.

"(૧) ગઈ તા.૪/૬/૧૭ નારોજ અમો ગીરગઢડા પો.સ્ટે.માં પી. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે મેડીકલ ઓફીસર ઉના તેમજ પી.એસ.ઓ. ઉના તરફથી ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં જાણ થયેલ જે ડી.ઓ. નં.૬૮/૧૭ના કામે અમો ઉના સરકારી દવાખાને આવેલ જયાં મરણ જનાર ઈલાબેન વા/ઓ સવજીભાઈ આતુભાઈ ગુજરીયા ઉ.વ.૨૭, રહે.જરગલી વાળાએ ઝેરી દવા પી આત્મ હત્યા કરી લીધેલ હોય જે બાબતે ડી.ઓ.ના કામે મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચ–૧ રમેશભાઈ દાદુભાઈ પરમાર, પંચ–૨ રેખાબેન વા/ઓ ભીમાભાઈ પુનાભાઈ પરમાર બંનેની રુબરુમાં તેઓને સમજ કરી લાશ બતાવી લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ તેઓની હાજરીમાં અમોએ તેમજ એકઝી.મેજી.શ્રી કે.એમ.નીનામાએ ઈન્કવેસ્ટ પંચનામુ ભરેલ જે લાશ મે પિતા બાબુભાઈ વશરામ બાંભણીયા રહે.નવાબંદરવાળાએ ઓળખી બતાવી પોતાની દીકરી ઈલાબેનની હોવાનું જણાવેલ અને ઈલાબેને ઝેરી દવા પી મરણ ગયેલ હોય જે બાબતે બંને પંચો રુબરુ લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ તા.૪/૬/૧૭ કલાક ૧૨:૪૫ થી ૧૩:૧૫નું ભરેલુ. મને આંક–૧૩નું ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં મારા રુબરુ બંને પંચોની તેમજ મારી સહી છે, જે ઓળખી બતાવુ છું. સદર ઈન્કવેસ્ટ પંચનામામાં મરણ જનારની લાશની ફોટોગ્રાફી કરાવેલી. તેમજ આ બનાવ બાબતે મરણ જનાર ઈલાબેનના પિતા બાબુભાઈ વશરામભાઈ બાંભણીયાએ અમારા રુબરુમાં તેની દીકરીના મોત બાબતે આરોપી સવજીભાઈ

આતુભાઈ ગુજરીયા (ઈલાબેનના પતિ), કમુબેન આતુભાઈ ગુજરીયા (સાસુ), આતુભાઈ ગુજરીયા (સસરા) રહે. ત્રણે જરગલી વાળા વિરુધ્ધ પોલીસ ફરીયાદ આપેલ જેમાં ઈલાબેનના લગ્ન ૨૦૧૩માં થયેલ અને તેના પતિ દારૂ પીવાની ટેવવાળા તેમજ તેઓ અવાર નવાર મારકુટ કરતા તેમજ તેના સાસુ–સસરા પણ ઘરના કામકાજની નાની નાની બાબતમાં શારીરીક માનસીક દુઃખત્રાસ આપતા જે ઈલાબેનથી સહન નહી થતા તા.૩/૬/૧૭ના સાંજના ૨૦ઃ૦૦ના અરસામાં ઝેરી દવા પી ગયેલ જેને ઉના સારવારમાં લાવેલ અને સારવા દરમ્યાન મરણ ગયેલ છે અને ઈલાબેનના મોત બાબતે તેના પતિ અને સાસુ–સસરા જવાબદાર છે અને તેઓના દુઃખત્રાસથી કંટાળી સહન નહી થતા આત્મ હત્યા કરી લીધેલાની ફરીયાદ હકીકત જાહેર કરતા અમારા રુબરુ ફરીયાદ લખી લીધેલ જેમાં ફરીયાદીએ અમારા રુબરુ અંગુઠાનું નિશાન કરી આપી તેમજ રુબરુમાં મારી સહી છે. આ બાબતે આઈ.પી.સી. કલમ–૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબનો ગુનો બનતો હોય ફરીયાદીની ફરીયાદ બાબતે ગુનો રજીસ્ટર કરવા ગીરગઢડા પો.સ્ટે.ના પી.એસ.ઓ.ને યાદી સાથે આપતા પી.એસ.ઓ. મનુભાઈ કરશનભાઈ વાજાએ આ ગુનો ગીરગઢડા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૪૬/૧૭ થી તા.૪/૬/૧૭ના રોજ ઉપર મુજબ ગુનો રજીસ્ટર કરેલ છે. જેની તપાસ અમોએ જાતે કરેલ છે અને બનાવવાળી જગ્યાનુ પંચનામુ તા.૫/૬/૧૭ના રોજ પંચ–૧ પ્રકાશભાઈ તેજાભાઈ જાદવ તથા પંચ–૨ બાબુભાઈ મેઘાભાઈ ભાલીયા રહે.બંને જરગલી વાળા રુબરુ સાહેદ ભીમભાઈ પુનાભાઈ ગુજરીયાએ બનાવવાળી જગ્યા બતાવતા જે મરણ જનાર જે જગ્યાએ રહેતા હતા તે જગ્યાનું પંચનામુ અમોએ કરેલ છે અને બનાવ સ્થળેથી કાળો ઝેરી પાવડર જે મરણ જનારે વાટકામાં લઈ પીધેલ તે વાટકો તેમજ ઉદર મારવાની ઝેરી દવાની ખાલી પડીકી જેમાં પણ પાવડર ચોટેલ છે, ભોયતળીયે જયાં પણ પાવડર વેરાયેલ હતો તે અને જે જગ્યાએથી આ ઝેરી પાવડર મળી આવેલ અને કબજે લીધેલ તે જગ્યાની કન્ટ્રોલ સેમ્પલની માટી મળી ચાર પાર્સલ કબજે લીધેલ. જે અંગે પંચનામુ કલાક ૧૦ઃ૩૦ થી ૧૧ઃ૩૦ સુધીનું પંચોની રુબરુમાં કરેલ. મને આંક–૧૬નું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં મારા રુબરુ બંને પંચોની તેમજ મારી સહી છે, જે ઓળખી બતાવુ છું તથા મને આંક–૧૭ થી ૨૦ની પંચસ્લપો બતાવવામાં આવે છે, જેમાં મારા રુબરુ બંને પંચોની તેમજ મારી સહી છે, જે ઓળખી બતાવુ છું. તેમજ બનાવ સ્થળ એફ.એસ.એલ. તપાસણી

માટે સલામત રખાવેલુ. જે બનાવ સ્થળ તા.૬/૬/૧૭ના રોજ એફ.એસ.એલ. મોબાઈલ વાનના શ્રી બી.એમ.બાદરશાહી સાયન્ટીફીક ઓફીસર પોરબંદર પાસે સ્થળ તપાસ કરાવેલ છે તેમજ તપાસ દરમ્યાન તા.૪/૬/૧૭ના રોજ સાહેદોના નિવેદન અમારા રુબરુ નોંધેલ છે. જેમા સાહેદ (૧) કમુબેન વા/ઓ બાબુભાઈ વશરામભાઈ બાંભણીયા, ઉ.વ.૪૫, રહે.નવાબંદર (મરણ જનારની બા), (૨) સમજુબેન રાણાભાઈ મકવાણા, રહે.કાજરડી (મરણ જનારના માસી), (૩) મોહનભાઈ પાંચાભાઈ શીયાળ, ઉ.વ.૨૪, રહે.કાજરડી (મરણ જનારના મામાના દીકરા) (૪) જગદીશભાઈ પાંચાભાઈ શીયાળ, ઉ.વ.૨૪, રહે.કાજરડી (મરણ જનારના મામાના દીકરા)ના નિવેદનો લીધેલ છે. જેઓના નિવેદન મુજબ મરણ જનારનું મોત આરોપીઓના દુઃખત્રાસથી અને મારકુટથી સહન નહી થતા કંટાળી આત્મ હત્યા કરી લીધેલાની વિગતને સમર્થન આપતા નિવેદનો અમારા રુબરુ લખાવેલ છે અને ફરીયાદને હકીકતને સમર્થન આપતી હકીકત જણાવેલ છે. આ બાબતે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય તેમજ મરણ જનારની પી.એમ. નોટ મેળવી વિશેરા એફ.એસ.એલ.માં મોકલાવેલા અને કબજે લીધેલ મુદામાલ એફ.એસ.એલ.માં રવાનગી નોંધ મુજબનો જરુરી તપાસ અર્થે મોકલાવેલ, જેની પહોચ મેળવેલ અને આરોપી સવજીભાઈ આતુભાઈ ગુજરીયા, આતુભાઈ ગોવિંદભાઈ ગુજરીયાને તા.૧૬/૬/૧૭ના રોજ અમોએ અટક કરી કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ. આ દરમ્યાન અમારી બદલી થતા આગળની તપાસ પી. એસ.આઈ.શ્રી એ.બી.દોમડીયાએ સંભાળેલ. આરોપી આતુ ગોવિંદ આજરોજ કોર્ટમા હાજર છે, તેમને હું ઓળખુ છું. આરોપી નં.૧ સવજી આતુની ઓળખની તકરાર ન હોવાથી બચાવપક્ષે રજુઆત કરી ગેરહાજરી માફી રીપોર્ટ આપેલ છે.

**(૩૧.૧)** બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ સ્વીકારે છે કે, તપાસ દરમ્યાન તપાસ કરનાર અમલદારે જે સાહેદોના નિવેદનો નોંધેલા છે તે બધા મરણ જનાર ઈલાબેનના સગા–સબંધીઓ છે અને તેઓના નિવેદન એક જ દિવસે નોંધાયેલા છે. વળી, આ સાહેદો પૈકી કોઈ પણ સાહેદ નજરે જોનાર સાક્ષી નથી. આરોપી સવજીભાઈ વિરુધ્ધ અગાઉ કોઈ દારુ પીવાનો કેસ નોંધાયેલ નથી. આરોપી સવજીભાઈ અને ઈલાબેન તે આરોપી આતુભાઈ અને કમુબેનથી અલગ રહેતા હતા તેવું તપાસ દરમ્યાન ખૂલેલ છે આ બનાવ અગાઉ મરણ જનાર ઈલાબેન કે તેમના પરિવારે આરોપીઓ વિરુધ્ધ કોઈ ફરીયાદ નોંધાવેલી નથી. નવાબંદર અને જરગલી ગામ વચ્ચે ૩૫ કી.મી.નું અંતર છે. ફરીયાદી બાબુભાઈ વશરામભાઈ પાસેથી આરોપી સવજીભાઈ આતુભાઈ પાસેથી

કયારેય કોઈ પૈસા માગ્યા હોય તેવો કોઈ પુરાવો તપાસ દરમ્યાન તેમને પ્રાપ્ત થયેલ નથી. તેજ રીતે મરણ જનાર ઈલાબેનને આરોપીઓએ માર માર્યો હોય અને તે અંગે મરણ જનાર ઈલાબેનએ કોઈ સારવાર લીધેલી હોય તેવા કોઈ પણ પુરાવાઓ તપાસ દરમ્યાન પ્રાપ્ત થયેલા ન હોવાનું તપાસ કરનાર અમલદાર જણાવે છે.

**(૩૨)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૭૦થી આ ગુનાના આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરનાર એટલે કે, બીજા તપાસ કરનાર અમલદારશ્રી અરવિંદભાઈ બાવાભાઈ દોમડીયાને તપાસેલા છે, કે જેમણે માત્ર તેમના પૂરોગામી ધ્વારા કરવામાં આવેલ તપાસના આધારે આરોપીઓની ધરપકડ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા અદાલતમાં આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક),૩૦૬,૧૧૪ મુજબનું ચાર્જશીટ દાખલ કરેલ છે. આમ આ સાહેદે ચાર્જશીટ દાખલ કરવા સિવાય વિશેષ કોઈ તપાસ કરેલી હોય તેવું જણાતું નથી.

**(૩૩)** વધુમાં ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૭૫થી બનાવ સ્થળેથી કબજે લેવામાં આવેલ મુદામાલ સ્ટીલનો વાટકો, ખાલી કોથળી, બનાવ સ્થળેથી ભોંયતળીયા ઉપર ચોંટેલો કાળો પદાર્થ કન્ટ્રોલ સેમ્પલ વિગેરે પૃથ્થકરણ સારુ એફ.એસ.એલ. જુનાગઢને મોકલેલ છે તેની રવાનગી યાદી રજુ કરેલ છે અને આંક–૭૩ થી એફ.એસ.એલ. જુનાગઢનો પૃથ્થકરણ અહેવાલ રજુ કરેલ છે. આ તબકકે આંક–૭૩ વાળા પૃથ્થકરણના અહેવાલ કે જે આ કેસના ન્યાયીક નિર્ણયમાં વિશેષ અગત્યતા ધરાવતો હોય, તેને ધ્યાને લઈએ તો બનાવ સ્થળેથી તપાસ એજન્સીએ કબજે કરેલ સ્ટીલ ના વાટકામાં, પ્લાસ્ટીકની કોથળીમાં અને બનાવ સ્થળેથી લીધેલ કાળાશ પડતા પદાર્થના નમૂનાનું પૃથ્થકરણ કરતા એફ.એસ.એલ.ને આ તમામ મુદામાલ સેમ્પલમાંથી ઝીંક ફોસ્ફેસ્ટ નામના અકાર્બનિક પ્રકારના રાસાયણિક ઝેરની હાજરી મળી આવેલ છે તેમજ મરણ જનાર ઈલાબેનને પી.એમ. વખતે લેવામાં આવેલા વિસેરામાંથી પણ ઝીંક ફોસ્ફેસ્ટ નામના અકાર્બનિક પ્રકારના રાસાયણિક ઝેરની હાજરી મળી આવેલ છે.

**(૩૪)** આમ, ફરીયાદપક્ષે રજુ કરેલા સાહેદોના પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લેતા એ હકીકત વાજબી શંકા રહિત સાબિત થાય છે કે, મરણ જનાર ઈલાબેનનું બનાવ અગાઉ પાંચ વર્ષ પહેલા આરોપી સવજીભાઈ આતુભાઈ સાથે લગ્ન થયેલ છે અને લગ્ન જીવનથી તેના બે બાળકો થયેલા છે, વધુમાં એ હકીકત પણ ફરીયાદપક્ષે વ્યાજબી

શંકા રહિત સાબિત કરી શકેલ છે કે, બનાવના દિવસે મરણ જનાર સાથે ઈલાબેન આરોપી સવજીભાઈ આતુભાઈના ઘરે જ તેમની સાથે રહેતી હતી, વધુમાં એ હકીકત પણ ફરીયાદપક્ષે વ્યાજબી શંકારહિત સાબિત કરી શકેલા છે કે, તા.૦૩/૦૬/૨૦૧૭ના રોજ આ મરણ જનાર ઈલાબેનએ ઝીંક ફોસ્ફેસ્ટ નામના અકાર્બનિક પ્રકારના રાસાયણિક ઝેર પીધેલુ છે અને તેના પરિણામ સ્વરુપે તા. ૦૪/૦૬/૨૦૧૭ના રોજ તેણીનું અકુદરતી રીતે મૃત્યુ થયેલ છે. આમ, મરણ જનાર ઈલાબેન વા/ઓ સવજીભાઈ આતુભાઈ એ આત્મહત્યા કરેલી છે તે હકીકત ફરીયાદપક્ષ શંકા રહિત સાબિત કરી શકેલા છે.

**(૩૫)** હવે અત્રેની અદાલત સમક્ષ એ સવાલ ઉપસ્થિત થાય છે કે, મરણ જનાર ઈલાબેનને આત્મહત્યા કરવા માટે આરોપીઓ ધ્વારા દુષ્પ્રેરીત કરાયેલ છે? શું આરોપીઓએ મરણ જનાર ઈલાબેન આત્મહત્યા કરે તેવા હેતુથી તેણી સાથે ક્રુરતા આચરતા હતા ? આ સવાલોના જવાબ શોધવા માટે આ તબકકે પ્રસ્તુત ચુકાદાના પેરા–૧૧માં વર્ણવેલ કાનૂની પરીસ્થિતીને ધ્યાને લઈ સાથે–સાથે નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ઉચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓ પણ ધ્યાને લેવા જરૂરી અને યોગ્ય જણાય છે.

**(૩૬)** નામદાર સુપ્રિમકોર્ટે તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે આ સંબંધે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત જોઈએ તો તે આ મુજબ છે.

**In case of Heera Lal & Anr. -Versus State of Rajasthan reported in 2017 (0 ) AIR(SC) 2425 it has held in para 7 and 8 that-**

7. This Court in an illuminating Judgment in Ramesh Kumar vs. State of Chhattisgarh (2001) 9 SCC 618 has stated the law as follows:-

“This provision was introduced by the Criminal Law (Second) Amendment Act, 1983 with effect from 26-12-1983 to meet a social demand to resolve difficulty of proof where helpless married women were eliminated by being forced to commit suicide by the husband or in-laws and incriminating evidence was usually available within the four corners of the matrimonial home and hence was not available to anyone outside the occupants of the house. However, still it cannot be lost sight of that the presumption is intended to operate against the accused in the field of criminal law. Before the presumption may be raised, the foundation thereof must exist. A bare reading of Section 113-A shows that to attract applicability of Section 113-A, it must be shown that (i) the woman has committed suicide, (ii) such suicide has been committed within a period of seven years from the date of her marriage, (iii) the husband or his relatives, who are charged had subjected her to cruelty. On existence and availability of the above said circumstances, the court **may presume** that such suicide had been abetted by her husband or by such relatives of her husband. Parliament has chosen to sound a note of caution.

Firstly, the presumption is not mandatory; it is only permissive as the employment of expression “may presume” suggests.

Secondly, the existence and availability of the above said three circumstances shall not, like a formula, enable the presumption being drawn; before the presumption may be drawn the court shall have to have regard to “all the other circumstances of the case”. A consideration of all the other circumstances of the case may strengthen the presumption or may dictate the conscience of the court to abstain from drawing the presumption. The expression- “the other circumstances of the case” used in Section 113-A suggests the need to reach a cause-and-effect relationship between the cruelty and the suicide for the purpose of raising a presumption.

Last but not the least, the presumption is not an ir-rebuttable one. In spite of a presumption having been raised the evidence adduced in defence or the facts and circumstances otherwise available on record may destroy the presumption. The phrase “may presume” used in Section 113-A is defined in Section 4 of the evidence Act, which says -“Whenever it is provided by this act that the court may presume a fact, it may either regard such fact as proved, unless and until it is disproved, or may call for proof of it.”

8. We find that having absolved the appellants of the charge of cruelty, which is the most basic ingredient for the offence made out under Section 498A, the third ingredient for application of Section 113A is missing, namely, that the relatives i.e., the mother-in-law and father-in-law who are charged under Section 306 had subjected the victim to cruelty. No doubt, in the facts of this case, it has been concurrently found that the in-laws did harass her, but **harassment is something of a lesser degree than cruelty**. Also, we find on the facts, taken as a whole, that assuming the presumption under Section 113A would apply, it has been fully rebutted, for the reason that there is no link or intention on the part of the in-laws to assist the victim to commit suicide.

**In case of State Versus Bharatbhai balubhai lad reported in 2006 1 GLR 514 it has held by Gujarat High Court in para 9, to 13 that-;**

( 9 ) So far as the abatement made by the accused to the deceased to commit suicide is concerned, according to us, there is no evidence. It is a settled legal provision of law that for bringing home the charge under Section 306 of IPC, there must be some evidence adduced on record showing that soon before the incident there was some harassment and torture to the deceased at the hands of the accused. Section 107 of IPC is with regard to the abetment and asper the provisions of this section, there must be some evidence that soon before the incident there must be some incident due to which she was prompted, instigated or abetted to commit suicide.

( 10 ) So far as the reported decision laying down the proposition of law on the question of abatement to commit suicide is concerned, they are legion.

However, we would not make a reference to all of them with a view to avoid the repetition and to burden this judgment. Some of the reported recent decisions are as under :- (i) In case of SUSHIL KUMAR SHARMA vs. UNION OF INDIA, reported in 2005 AIR scw p. 3569, the Supreme Court makes it very abundantly clear that mere harassment or cruelty by the husband or his relatives would not constitute an offence of abetting the commission of suicide. Supreme Court in four lines has explained the correct position of law very succinctly. The relevant paragraph is reproduced herein below :"basic difference between the two Sections i. e. Section 306 and Section 498-A is that of intention. Under the latter, cruelty committed by the husband or his relations drag the women concerned to commit suicide while under the former provision suicide is abetted and intended."

( 11 ) In the instant case, the prosecution at best can argue that whatever has been said by each of the witnesses so far as the harassment meted towards the deceased is concerned dragged the deceased to commit suicide but there is not an iota of evidence to even remotely suggest that the accused persons ever intended the consequences of the act or they abetted the commission of suicide. (ii) In SWAMY PRAHALADDAS vs STATE OF M. P. and Anr. Reported in 1995 Supp. (3) scc p. 438, the appellant was charged for an offence under Section 306, IPC on the ground that the appellant during the quarrel is said to have remarked the deceased to go and die. The Supreme Court was of the view that mere words uttered by the accused to the deceased to go and die were not even prima-facie enough to instigate the deceased to commit suicide. (iii) In MAHENDRASINH vs. STATE OF M. P., reported in 1995 Supp. (3) SCC p. 731, the appellant was charged for an offence under Section 306 IPC mainly based upon the dying declaration of the deceased, which reads as under:- "my mother-in-law and husband and sister-in-law (husbands elder brothers wife) harassed me. They beat me and abused me. My husband Mahendra wants to marry second time. He has illicit connections with my sister-in-law. Because of those reasons and being harassed I want to die by burning." the Supreme Court, considering the definition of abetment under Section 107 ipc found that the charge and conviction of the appellant for an offence under section 306 is not sustainable merely on the allegation of harassment to the deceased. The Supreme Court further held that neither of the ingredients of abetment are

attracted on the statement of the deceased. (iv) In RAMESH KUMAR VS. STATE OF CHHATTISGARH reported in (2001) 9 SCC p. 618, the Supreme Court while considering the charge framed and the conviction for an offence under Section 306 IPC on the basis of dying declaration recorded by an Executive Magistrate, in which she had stated that previously there had been quarrel between the deceased and her husband on the day of occurrence she had a quarrel with her husband who had said that she could go wherever she wanted to go and that thereafter she had poured kerosene on herself and had set fire, acquitting the accused the Supreme Court said :-"a word uttered in a fit of anger or emotion without intending the consequences to actually follow cannot be said to be instigation. If it transpires to the court that a victim committing suicide was hypersensitive to ordinary petulance, discord and difference in domestic life quite common to the society to which the victim belonged and such petulance discordand difference were not expected to induce a similarly circumstanced individual in a given society to commit suicide, the conscience of the court should not be satisfied for basing a finding that the accused charged for abetting the offence of suicide should be found guilty. " (v) In Sanju alias Sanjay Singh Sengar v. State of Madhya Pradesh, 2002 AIR scw 2035 (SC), the Supreme Court in para 13 has observed as under :-"even if we accept the prosecution story that the appellant did tell the deceased to go and die, that itself does not constitute the ingredient of instigation. The word instigate denotes incitement or urging to do some drastic or unadvisable action or to stimulate or incite. Presence of mens rea, therefore, is the necessary concomitant of instigation. It is common knowledge that the word uttered in a quarrel or in a spur of the moment cannot be taken to be uttered with mens rea. It is in a fit of anger and emotional. "the principle of law which has been explained in each of the above referred judgments of the Supreme Court is that before a person can be held guilty for abetting the commission of suicide, the prosecution must establish by cogent, convincing and overwhelming evidence that the accused intended the consequences of the act namely suicide and abetted the suicide within the meaning of Section 107 of IPC. Mere harassment or cruelty which drags the woman to commit suicide is not sufficient to constitute the offence under section 306 of IPC. Applying the principle laid down by the Supreme Court in above referred to judgments

to the facts of instant case, we are of the considered opinion that mere allegations which are general in nature with regard to the deceased was subjected to mental and physical cruelty at the hands of the accused, offence under Section 306 cannot be proved.

( 12 ) Now, coming to charge under Section 498-A of the IPC i. e. Cruelty, it requires to be appreciated that it speaks of cruelty by husband or the relatives of the husband. The first part of this Section provides for the punishment for the person, namely the husband or the relative of the husband of a woman who subjects the woman to cruelty. Explanation makes it clear as to what meaning would be given to the term cruelty. Explanation (a) says that any willful conduct which is of such a nature as is likely to drive the woman to commit the suicide or to cause grave injury or danger to life, limb or health (whether mental or physical) of the woman would amount to cruelty.

Explanation (b) says that cruelty would mean the harassment of the woman with a view to coercing her or any person related to her to meet any unlawful demand for any property or valuable security or is on account of failure by her or any person related to her to meet such demand. (a) The evidence of PW-1, Vinodbhai Ranchhodbhai Mistry, the first informant, is at Ex. 20. He has interalia testified that initially for a period of three months the relations of the deceased with accused No. 1 husband was cordial and the other accused persons also used to treat the deceased cordially. Thereafter, all accused persons started finding fault with the deceased on trivial matters like household work and also used to beat the deceased. The first informant in his evidence says that he was informed about this harassment by her mother in law when the deceased for the first time informed her mother at her parental home. The evidence of the first informant so far as harassment to deceased is concerned, is hearsay because he admits that he learnt it through her mother in law. (b) The evidence of PW-3, Nileshbhai Umedbhai Patel, Ex. 25, is to the effect that he is the next door neighbour of the parents of the deceased. This witness says that the deceased used to frequently visit his house and used to tell him that her in-laws are harassing her. This witness speaks about the so called oral dying declaration made by the deceased stating that she cannot live anymore. This witness speaks about the telephonic conversation between the deceased and accused No. 1 on the date of the incident. Beyond this, this witness does not say anything. (c.) PW-5, Jigishaben Sumanbhai Mistry, sister of the deceased,

Ex. 27, in her evidence has stated about the harassment meted by the accused persons towards her deceased sister. The allegations are general in nature. It is settled principles of law so far as Section 498-A IPC is concerned that to constitute an offence of cruelty as explained under Section 498-A of IPC, willful conduct which is of such a nature as is likely to drive the woman to commit the suicide should be cogently established to hold the accused persons guilty of the said offence. In the instant case, there was no demand for dowry nor abetment of suicide nor cruelty to the deceased is established. Some unhappy note / incident during the short married life between the husband and the wife cannot be the circumstance to constitute an offence of cruelty or harassment within the meaning of Section 498-A IPC. The law so far as Section 498-A IPC is concerned needs to be examined considering the following two decisions of the Supreme Court :- (i) Gananath Patnayak Vs. State of Orissa " 2002 SCC (Criminal) 461. (ii) Inderpal Vs. State of M. P.- 2002 Cri. L. J. 926. The ratio of both the decisions is to the effect that all the statements made by the deceased to her family members regarding the alleged harassment and cruelty meted towards her would fall within the purview of hearsay evidence.

( 13 ) IT is an admitted fact that none of the witnesses examined by the prosecution have said that they have with their eyes seen the accused persons assaulting the deceased or treating her with cruelty. All the witnesses have deposed on the strength of the information which the deceased used to provide when she used to come at her parental home. Such a statement is not admissible in evidence for the offence punishable under Section 498-A of IPC and has to be termed as being only a hearsay evidence.

(૩૭). આમ, ઉપરોકત ચર્ચા મુજબ મરણજનાર મરણ જનાર ઈલાબેનનું મૃત્યુ તેણીના લગ્નના સાત વર્ષના સમય ગાળાની અંદર આત્મહત્યા કરવાથી, આરોપીઓના ઘરે થયેલ છે, તેવું નિઃશંકપણે સાબિત થતું હોય, અત્રેની અદાલત સમક્ષ એ સવાલ ઉપસ્થિત થાય છે કે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૩(એ) મુજબનું અનુમાન આ કિસ્સામાં દોરી શકાય? એટલે કે શું મરણજનાર ઈલાબેનને આરોપીઓ તરફથી ક્રુરતા આચરવામાં આવતી હતી અને તેણીને આત્મહત્યા કરવા માટે આરોપીઓએ દુષ્પ્રેરીત કરેલ છે, તેવું અનુમાન દોરી શકાય? આમ, મહત્વનો સવાલ

એ ઉપસ્થિત થાય છે કે, શું ફરીયાદપક્ષ તે આ કેસના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક) મુજબના ગુનાના આરોપો વ્યાજબી શંકારહિત સાબિત કરે છે ? શું રજુ થયેલા પુરાવાઓને જોતા મરણ જનાર પ્રત્યે આરોપીઓએ ''ક્રુરતા'' આચરેલ તેવું વ્યાજબી શંકા રહિત સાબિત થાય છે ? તો સદર સવાલો સંદર્ભે ફરીયાદપક્ષનો પુરાવો પુનઃ તપાસીએ તો ફરીયાદપક્ષે તપાસેલા તમામ સાક્ષીઓ પૈકી કોઈ નજરે જોનાર વિટનેસ નથી, મરણ જનારે આત્મ હત્યાનું પગલું ભરતા અગાઉ કોઈ સુસાઈડ નોટ આ કિસ્સામાં છોડેલ નથી, આમ,રેકર્ડ ઉપર જે કોઈ પુરાવો આવેલ છે તે જોતાં આરોપી નંબર–૦૧ સવજીભાઈ અને તેમના મરણ જનાર પત્ની ઈલાબેન તેમના બાળકો સાથે આરોપી નંબર–૦૨ અને ૦૩નાથી અલગ રહેતા હતા, અને તેઓના લગ્ન જીવનમાં મતભેદો ચાલતા હતા તેના પરિણામ સ્વરુપ અવાર–નવાર ઈલાબેન તેના પીયર જતા રહેતા હતા, અને તે અંગેનું સમાધાન લખાણ પણ કરવામાં આવેલ હતું. અત્રે એ નોંધવુ જરૂરી છે કે, મરણ જનારને આરોપી ધ્વારા માર મારવામાં આવતો તે આક્ષેપના સમર્થનમાં ફરીયાદપક્ષે એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે, મરણ જનારે આ શારીરિક ત્રાસના પરિણામ સ્વરુપે કયારેય, કયાંય સારવાર લીધી હોય. વળી, આરોપી સવજી દારુ પીવાની ટેવ વાળા હતા તે આક્ષેપના સમર્થનમાં પણ ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ નથી. એટલે કે અગાઉ આરોપી વિરુધ્ધ દારુ પીવા અંગેનો કોઈ કેસ નોંધાયેલ નથી. આમ, જે કંઈ પુરાવાઓ રજુ થયેલ છે તે મોઘમ સ્વરુપનો છે અને ઉપર કરેલ ચર્ચામાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે પોત પોતાના ચુકાદામાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ અને ૪૯૮(ક) નો ગુન્હો સાબિત થવા માટે જે આવશ્યક તત્વો સાબિત થવા જોઈએ તેની ચર્ચા કરેલ છે તેને ધ્યાનમાં લેતાં આરોપીનું કૃત્ય મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરિત કરવાના ઈરાદાથી આચરવામાં આવ્યું હોય તેવો સ્પષ્ટ પુરાવો આ કિસ્સામાં રેકર્ડ ઉપર આવેલ નથી. વળી, પતિ–પત્ની વચ્ચેની સામાન્ય તકરારોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવાના હેતુંથી આચરવામાં આવતી હતી તેવું કઠોર અવલોકન કરી શકાય નહીં. આમ, સમગ્ર રીતે જોતા આરોપી નંબર–૦૧ સવજીભાઈ આતુભાઈ તરફથી મરણ જનાર ઈલાબેનને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો તેવું માનવામાં આવે તો પણ તે કૃરતાની વ્યાખ્યામાં સમાવી શકાય તે હદનો જણાતો નથી. આમ, ઉપરોકત ચર્ચાને ધ્યાનમાં લેતાં આરોપીઓ સામેના આક્ષેપો ફરીયાદપક્ષ શંકારહિત સાબિત કરી શકેલ ન હોય, મુદ્દા નંબર–૦૧ અને ૦૨નો જવાબ તે મુજબ નકારમાં ઠરાવી આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનું વ્યાજબી જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**–:: હુ ક મ ::–**

(**૧**) ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ની કલમ : ૨૩૫ (૧) મુજબ આરોપી (૧) સવજીભાઈ આતુભાઈ ગુજરીયા પરમાર, (૨) આતુભાઈ ગોવિંદભાઈ ગુજરીયા પરમાર, (૩) કમુબેન વા./ઓ. આતુભાઈ ગુજરીયા પરમાર, રહેવાશી જરગલી, તાલુકો– ગીરગઢડા, જીલ્લો–ગિર સોમનાથવાળાને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબના સજા અને દંડને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(**૨**) આ કામના આરોપીએ ટ્રાયલ દરમ્યાન જામીન પર મુકત હોય તેઓના બેલ બોન્ડ કેન્સલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(**૩**) ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ)ની જોગવાઈઓ અને શરતો મુજબ આરોપીએ રુપિયા ૫,૦૦૦/–(અંકે રુપિયા પાંચહજાર પુરા)ના જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન હુકમ તારીખથી ૦૬ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(**૪**) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૫ મુજબ જજમેન્ટની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગીર સોમનાથને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(**૫**) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૨ તથા ક્રિમીનલ મેન્યુઅલ પારા–૨૨૭ મુજબ આ કામે મુદામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબનો તમામ મુદામાલ અપીલ સમય પૂર્ણ થયા બાદ નિકાલ/નાશ કરવો.

આજ તારીખ– ૧૬મી : માહે–સપ્ટેબર, સને–૨૦૧૯ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૯/૨૦૧૯.
સ્થળ : ઉના.

**(સંજયકુમાર લવજીભાઈ ઠકકર)**
ત્રીજા,એડીશનલ સેશન્સ જજ, ઉના.
જી.ગીરસોમનાથ.
(કોડ નં.જી.જે.–૦૦૫૮૮)